१५ दिसम्बर, २०१२
वि. सं. २०६९
मार्गशीर्ष, शुक्ल-३

# श्रुतसागर

अंक २३




प्रकाशक

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर ३८२००७ फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२, फेक्स (०७९) २३२७६२४९

Website : www.kobatirth.org, email : gyanmandir@kobatirth.org

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# स्व. सुभद्राबेन केशवलाल शाह आर्य संस्कार शाला - कोबा के बालकों का हौंसला बुलंदी पे.

સાંગાનેરી કાગળ, સોના-ચાંદીની શાહીને બરુની કલમ...
જુના કોબાની જ્ઞાન શાળામાં મહારાજ સાહેબની નિશ્રામાં ૪૦ બાળકોની કેલિગ્રાફીની અનોખી કળાની ગુરુકુળ.
એક હજાર વર્ષનું આયુષ્ય ધરાવતા સાંગાનેરી કાગળ પર કાળા તલમાંથી કાળી શાહી, લાલ પથ્થરમાંથી લાલ શાહી અને વરખમાંથી તૈયાર કરાયેલી સોના-ચાંદીની શાહીમાં બરુના લાકડાની કલમ બોળીને એક-એક અક્ષર હસ્તપ્રત કરાય છે.




૧૧ વર્ષની ઉંમરના બાળકો દ્વારા સંસ્કૃત-ગુજરાતી-હિન્દી કેલિગ્રાફી શ્રુતલેખન કળા અભ્યાસ.




અહિંસક બરુની કલમ આવી હોય છે.



ઘોડેસવારી શીખતા બાળકો.




શ્રુતલેખનના માસ્ટર યશકુમાર TV9 માં ઇન્ટરવ્યુ આપી રહ્યા છે.




આર્ય સંસ્કાર શાળામાં બાળકો જાતે શાહી બનાવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रुतसागर


**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र**

**अंक : २३**


**❖ आशीर्वाद ❖**

राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा.

**❖ संपादक मंडल ❖**

मुकेशभाई एन. शाह

~~बी. विजय जैन~~ ~~कनुभाई एल. शाह~~

डॉ. हेमन्त कुमार केतन डी. शाह

❖ ~~सहायक संपादक~~

विनय महेता ~~डिम्पल सोनी~~

**❖ प्रकाशक ❖**


आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर-३८२००७

फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२ फेक्स : (०७९) २३२७६२४९

**website** : www.kobatirth.org ❖ **email** : gyanmandir@kobatirth.org


*१५ दिसम्बर, २०१२, वि. सं. २०६९, मार्गशीर्ष, शुक्ल-३*

**❖ अंक-प्रकाशन सौजन्य ❖**

**श्री अरुणोदय फाउन्डेशन**

अहमदाबाद

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संपादकीय

जैन धर्म-दर्शन में चातुर्मास का बहुत बड़ा महत्त्व है। ऋषि-मनीषियों ने साधना-आराधना की दृष्टि से पूरें बारह महिनों को तीन भागों में कार्तिकी चातुर्मास, फाल्गुनी चातुर्मास एवं आषाढ़ी चातुर्मास के रूप में विभक्त किया है। इनमें आषाढ़ी चातुर्मास के महत्त्व के सम्बन्ध में थोड़ा-बहुत तो हम सभी जानते ही हैं।

आषाढी चातुर्मास का समय आषाढ़ शुक्ल चतुर्दशी से कार्तिक शुक्ल चतुर्दशी तक का होता है। इस चातुर्मास का समय भी कितना सुन्दर होता है, जिसके आने पर ग्रीष्मकाल से त्रस्त समस्त चराचर प्राणी आनन्द की अनुभूति करते हैं। जिधर देखें उधर हरियाली ही हरियाली नजर आती है। शुष्क नदी-नाले जल से पूर्ण होकर झूम उठते हैं। इस संसार में शायद कोई ऐसा जीव होगा जो इस अवधि की प्रतिक्षा नहीं करता होगा। अपलक नेत्रों से किसान वर्षा की राह देखता है, क्योंकि यही चार महिने उसके शेष आठ महिनों के आधार होते हैं। यदि मेघराज ने अपनी कृपा की तो उसका दिल खुशियों से झूम उठता है और अपने आपको धन्य, भाग्यशाली और खुशकिस्मत समझता है।

जैसे किसान इस चातुर्मास की राह देखता है ठीक उसी प्रकार श्रावक भी अपने हृदय में से इस अवधि की प्रतिक्षा करता रहता है। मगर चातुर्मास के आगमन की राह देखने में दोनों की दृष्टि अलग-अलग है। किसान पानी के लिये तो श्रावक जिनवाणी के लिये प्रतिक्षारत रहता है। क्योंकि श्रावक अच्छी तरह जानता है कि मेरे मन का मैलापन, मेरी आत्मा पर लगे दाग जिनवाणी रूपी जल से ही धुल सकता है और यह तभी सम्भव है, जब किसी सद्‌गुरु का सान्निध्य प्राप्त होगा। जिनवाणी का प्रभाव तो शास्त्रों में सुवर्णांकित है। यह जीवन को देदीप्यमान करने वाली, नई दिशा प्रदान करने वाली, जीवन की राह परिवर्तित करने में सक्षम है।

जिनवाणी के प्रभाव से जीव शिव बनता है, आत्मा परमात्मा बनती है, अर्थात् कंकर शंकर बन जाता है। जिनवाणी मोह में मस्त आत्मा की विवेक रूपी चक्षु को खोलने वाली कुंजी है। अंधकार को प्रकाश में एवं मृत्यु को अमृत में परिवर्तित करने में समर्थ है।

वर्ष के आठ माह में तो पूज्य साधु-साध्वी भगवन्त गाँव-गाँव, नगर-नगर में विचरण करते हुए लोगों को परमात्मा के शासन से पूर्ण परिचित कराते हुए अपने आत्मोकर्ष के लिये प्रवृत्त रहते हैं। किन्तु चातुर्मास के चार महिनें विशेष रूप से जीवोत्पत्ति होने के कारण जीवहिंसा से बचने के लिये एक जगह स्थिरता करते हैं। इस अवधि में अपने गाँव-शहर में चातुर्मास के लिये श्रीसंघ पूज्य साधु-साध्वीजी भगवन्तों से विशेष विनती करते हैं, तथा उनके सान्निध्य में अपनी आत्मा की निर्मलता की प्राप्ति की ओर अग्रसर होता है। इस अवधि में संपूर्ण भारतभर में लगभग प्रत्येक छोटे-बड़े जैनबहुल क्षेत्रों में कोई न कोई साधु-साध्वीजी का चातुर्मास अवश्य ही होता है।

हमारे सौभाग्य से राष्ट्रसन्त हमारे परम गुरु आचार्यदेव श्री पद्मसागरसूरीश्वरजी महाराज साहब का मंगलकारी सान्निध्य प्राप्त हुआ। चातुर्मास अवधि में यहाँ प्रवचन शिविरों के साथ ही अनेक धार्मिक अनुष्ठानों का आयोजन किया गया। पूज्यश्री का चातुर्मास यहाँ निर्विघ्न सम्पन्न हुआ है। इस अवधि में श्री महावीर जैन आराधना केन्द्र का वातावरण पूर्ण धार्मिक बना रहा, देश-विदेश के अनेक श्रद्धालु-भक्तों ने यहाँ आकर पूज्यश्री की पुण्यवाणी एवं पुण्य दर्शन का लाभ प्राप्त कर अपने को धन्य बनाया।

## अनुक्रम


| लेख | लेखक | पृष्ठ |
|---|---|---|
| १. ગૌતમસ્વામી ભાસ-સપ્તક | સંપાદક - હિરેન દોશી | ૩ |
| ૨. ચાલો, ન્યાયને ન્યાય આપીએ | મુનિશ્રી રત્નવલ્લભવિજયજી મ. સા. | ૯ |
| ૩. विनय | अरुण झा | ११ |
| ४. प.पू.आ.पद्मसागरसूरिजी म.सा. का संभवित विहार कार्यक्रम | | १५ |
| ५. ધર્મની રક્ષા કાજે | સ્વ. રતિલાલ મફાભાઈ શાહ | ૧૬ |
| ૬. સત્તરભેદિપૂજાકથા - એક પરિચય | ડૉ. મિલિન્દ સનત્કુમાર જોષી | ૧૮ |
| ૭. જ્ઞાનમંદિર - સંક્ષિપ્ત અહેવાલ નવેમ્બર-૧૨ | - | ૨૨ |
| ૮. ગ્રંથ પરિચય | હિરેન દોશી | ૨૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૌતમસ્વામી ભાસ-સપ્તક

**સંપાદક – હિરેન દોશી**

## ભાસ પરિચય

ભાસ શબ્દ આપણા આજના પ્રચલનમાંથી ઝાંખો પડી ગયો છે, એટલે કોઈ ભાસ કહે તો જરા અઘરું લાગે, પણ સ્તવન, સજ્ઝાય કે ભક્તિ ગીત કહે તો તરત જ પરિચય થઈ જાય, અપરિચિત ભાસને પરિચિત કરવા પ્રસ્તુત કૃતિઓ પ્રકાશિત કરી છે.

ભાસ એ વર્ણન-પ્રધાન, સંક્ષેપના બંધારણવાળો કાવ્ય-પ્રકાર છે, ગેય કાવ્યોના એક પ્રકારમાં આ પ્રકારનો સમાવેશ કરાયો છે. મહાપુરુષોના જીવનના વિશિષ્ટ-પ્રસંગો, ગુરુ ગુણાનુવાદ, તીર્થ પરિચય, જિનેશ્વર ભગવાનના ગુણગાન, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ચારિત્રનો ઉપદેશ વિગેરે ભાસના પ્રમુખ વિષયો રહ્યા છે. વિ. સં. ૧૫૬૨માં લાવણ્યસમય કૃત ૫૬ ગાથામાં આલોયણ-ભાસની રચના, તેમજ વિ. સં. ૧૫૮૭માં લાવણ્યસમય કૃત ૨૨ ગાથાની આદિનાથ ભાસની રચના પણ મળે છે. તો મહોપાધ્યાય વિનયવિજય કૃત વીસ વિહરમાન જિનસ્તવનમાં પણ ભાસ શબ્દનો પ્રયોગ થયો છે. એવી જ રીતે સુજસવેલી ભાસ, સુધર્માસ્વામી ભાસ, થાવચ્ચા કુમાર ભાસ, પુરિમતાલમંડન આદિનાથ ભાસ, સ્થુલિભદ્ર ભાસ, અષ્ટાપદતીર્થ ભાસ, શત્રુંજયતીર્થ ભાસ, આબુ આદિશ્વર ભાસ ઇત્યાદિ અનેક-અનેક કૃતિઓ ભાસ સાહિત્યની વિશિષ્ટ કૃતિઓ તરીકે ઓળખાય છે.

અહીં અપ્રકાશિત ગૌતમસ્વામી ભગવંતની સાત ભાસ-કૃતિઓ અમે પ્રકાશિત કરીએ છીએ, આ કૃતિના સંપાદન કાર્યમાં પ. પૂ. મુનિરાજશ્રી સુયશચંદ્રવિજયજી મ. સા. નું કિમતી માર્ગદર્શન પ્રાપ્ત થયું છે એ બદલ તેઓશ્રીના અમો ઋણી છીએ. અહિં પ્રકાશિત બધા જ ભાસો અંદાજે વિ. સં. ૧૮મી/૧૯મી સદીના છે. અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી ભગવંત બેસતા વર્ષના પ્રભાતે કેવળજ્ઞાન પામ્યા, એ શુભ યોગના સ્મરણાર્થે નૂતન-વર્ષે આ સાત ભાસ-કૃતિઓ એમને સમર્પિત કરીએ છીએ.

## કર્તા-પરિચય

**પં. રત્નવિજય**[A] : વિ. સં. ૧૮૧૪ આસપાસ વિજયસિંહસૂરિની સંવેગી પરંપરામાં થયેલા પં. સત્યવિજય ગણિના શિષ્ય પં. કપૂરવિજય ગણિના પ્રશિષ્ય ઉત્તમવિજયજીના શિષ્ય પં. રત્નવિજય થયા. વિ. સં. ૧૮૧૪માં એમણે સુરતમાં ચોવીસીની રચના કરી અને કર્તાએ સ્વહસ્તે વિ. સં. ૧૮૧૪માં પાલનપુર મુકામે પોષ વદિ સાતમને રવિવારે ચોવીશીની પ્રતિ લખી હતી.

**માણેકવિજય**[B] : શત્રુંજય મહાતીર્થ પર શ્રીપૂજ્યની ટૂંકના પ્રેરક ભટ્ટારક આચાર્ય શ્રી જિનેંદ્રસૂરિના શિષ્ય મુનિ શ્રી ગુલાલવિજયજીના શિષ્ય માણેક વિજય વિ. સં. ૧૮૬૭માં થયા, વિ. સં.૧૮૬૭, મહા સુદ-૧૩ના ડભોઈમાં શેઠ હેમાના દિકરા માધવના આગ્રહથી ૧૭ ઢાળમાં સ્થૂલિભદ્ર કોશા સંબંધ રસવેલની રચના કરી હતી.

**ગણિ મેઘરાજ**[C] : લોંકાગચ્છની પરંપરામાં ગુજરાતી ગચ્છની વડોદરાની ૨૦મી ગાદીએ મુનિ જગજીવન આવ્યા, અને એમના શિષ્ય તરીકે ગણિ મેઘરાજ આવ્યા. એમણે વિ. સં. ૧૮૩૦માં વીરમગામ ચોમાસામાં જ્ઞાનપંચમી સ્તવનની રચના કરી, વિ. સં. ૧૮૪૧માં એમણે ચોમાસા દરમ્યાન પાર્શ્વનાથ સ્તવનની રચના કરી, આ સિવાય પણ એમની ઘણી રચનાઓ મળે છે.

**ઉપા. ક્ષમાકલ્યાણ**[D] : બીકાનેર નજીક કેસરદેસર ગામમાં વિ. સં. ૧૮૦૧માં જન્મેલા, જન્મનું નામ ખુશાલચંદ હતું, વિ. સં. ૧૮૧૬ના જેઠ વદિ-૨ના દિવસે જેસલમેરમાં ખરતરગચ્છનાયક જિનલાભસૂરિના શુભહસ્તે દીક્ષિત બની વાચક અમૃતધર્મગણિના શિષ્ય બન્યા, અને ઉપાધ્યાય રાજસોમ અને ઉપાધ્યાય રામવિજય (રૂપચંદ્ર) પાસે

A. પં. રત્નવિજય-જૈ.ગૂ.ક.ભા.૬-પે.૭૭, B. માણેકવિજય-જૈ.ગૂ.ક.ભા.૬-પે.૨૭૩, C. ગણિ મેઘરાજ-પટ્ટાવલી પરાગ ચતુર્થ પરિચ્છેદ પેજ નં. ૪૦૦, જૈ.ગૂ.ક.ભા.૬-પે.૧૪૧, D. ઉપા.ક્ષમાકલ્યાણવિજય-જૈ.ગૂ.ક. ભા.૬-પે.૧૨૬-૧૩૧, ખરતરગચ્છ કા બૃહદ્ ઇતિહાસ, પે. નં.-૩૬૩-૩૫૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપનું વિદ્યાધ્યયન થયું, વિ. સં. ૧૮૨૪ થી વિ. સં. ૧૮૩૪ સુધી રાજસ્થાન અને ગુજરાતમાં વિચરણ કર્યું, વિ. સં. ૧૮૩૮માં ક્રિયોદ્ધાર કર્યો, અને સાધુ પરંપરાના આચારો માટે નવી નિયમાવલી બનાવી, વિ. સં. ૧૮૫૫માં આ. જિનહર્ષસૂરિએ ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા, વિ. સં. ૧૮૭૩ને પોષ વદ-૧૪ ને મંગળવારે બીકાનેરમાં સ્વર્ગવાસ પામ્યા, બીકાનેરમાં આજે પણ સીમંધરસ્વામી જિનમંદિર અને સુગનજી મહારાજના ઉપાશ્રયમાં એમની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. એમની અન્ય ઘણી કૃતિઓ મળે છે. એમણે ખરતરગચ્છની પટ્ટાવલી, ભૂધાતુવૃત્તિ, ગૌતમીય કાવ્યવૃત્તિ, યશોધરચરિત્ર, સુક્તમુક્તાવલી, પ્રશ્નોત્તર સાર્ધશતક, અંબડચરિત્ર, વિજ્ઞાનચંદ્રિકા, આત્મપ્રબોધ ઇત્યાદિ સંસ્કૃતમાં અને ગિરનાર ગઝલ, સ્થૂલભદ્રસજ્ઝાય, ચોવીસ જિન નમસ્કાર, થાવચ્ચા ચોપાઇ, અઇમુત્તા ઋષિ સજ્ઝાય વિગેરે હિન્દી અને ગુજરાતીમાં પણ ઘણી રચનાઓ મળે છે.

આજે ખરતરગચ્છમાં ૨૦૦ સાધુ-સાધ્વીજી ભગવંત એમની જ પરંપરાના છે. જે પરંપરા આજે સુખસાગરજી મહારાજના સમુદાય તરીકે પ્રખ્યાત છે.

નોંધ લેવા જેવી વાત એ છે કે આજે પણ સુખસાગરજી મહારાજના સમુદાયમાં દીક્ષાનામ કરણ સંસ્કારના સમયે કોટિકગણ, વજ્રશાખા, ચંદ્રકુલ, ખરતરબિરુદ, **મહો. ક્ષમાકલ્યાણજીનો વાસક્ષેપ,** સુખસાગરજીનો સમુદાય, વર્તમાન આચાર્ય....નું નામ ઇત્યાદિ... બોલાય છે. એમાં આજે પણ ક્ષમાકલ્યાણજીના વાસક્ષેપના ઉચ્ચારણનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે.

ભાસ-કર્તાઓમાં ઋદ્ધિસૌભાગ્ય અને લાભવિજય સંબંધી માહિતી ન મળવાથી એમનો પરિચય આપી શકાયો નથી.

## પ્રતિ-પરિચય

**પ્રત નં.૭૫૫૪** નંબરની પ્રતનું નામ ગહુંલી વ ભાસ સંગ્રહ છે. પ્રતમાં વિશેષ પાઠો ગેરુ અને લાલ રંગથી અંકિત છે. પ્રતના પ્રથમ બે પત્રો નથી, ૨૬x૧૧ પ્રતની સાઈઝ છે. ૧૩ લાઈનમાં ૪૪ અક્ષરો લખેલા છે. પ્રતના અક્ષરો સુઘડ છે. આજ પ્રતમાં પેજ નં.૫A થી ૬A સુધીમાં ઋદ્ધિસૌભાગ્યના બંન્ને ભાસો મળે છે. તેમજ માણેકવિજયજી કૃત ભાસ પણ પેજ નં. ૭Aથી મળે છે.

**પ્રત નં. ૩૨૫૮૩** નંબરની પ્રતનું નામ ભાસ, ગહુંલી સંગ્રહ છે. પ્રતમાં પેજ નં. ૨Bમાં રત્નવિજય કૃત ગૌતમસ્વામી ભાસ મળે છે. વિ. સં. ૧૯મી સદીમાં લખાયેલી પ્રતનું પ્રથમ પત્ર નથી, ૨૫ x૧૧.૫૦ પ્રતની સાઇઝ છે. અને ૧૩ લાઈનમાં ૩૨ અક્ષરો લખેલા છે. પ્રતમાં વિશેષ પાઠ, અંક, અને દંડ લાલશાહીથી લખેલ છે. અંકસ્થાન પર સુંદર રેખાચિત્ર આપેલ છે. ક્યાંક ક્યાંક જીવાતથી છિદ્રો પડી ગયા છે. એકંદરે અક્ષરો મોટા અને ઘાટીલા છે.

**પ્રત નં. ૨૮૪૮૯** નંબરની પ્રતનું નામ ભાસ સંગ્રહ, સ્તવન છે. આ પ્રતમાં એક જ પત્ર છે, પત્રની શરૂઆતમાં જ લાભવિજય કૃત આ ભાસ પ્રાપ્ત થાય છે. પ્રતના અંતે पं. लाभविजय पठनार्थः આવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઉલ્લેખાનુસાર આ પ્રત કર્તાના સ્વાધ્યાય માટે લખાઈ હોવાની સંભાવના છે. પ્રતમાં વિશેષ પાઠ, અંક, અને દંડ માટે લાલ શાહી વાપરેલ છે. ૨૫ x૧૧.૫૦ પ્રતની સાઇઝ છે. અને ૧૫ લાઈનમાં ૪૭ અક્ષરો લખેલા છે.

**પ્રત નં. ૪૭૮૩૦** નંબરની પ્રતનું નામ લઘુ ગૌતમ રાસ છે. એક જ પત્ર છે. ૨૪ x૧૨ પ્રતની સાઇઝ છે. અને ૯ લાઈનમાં ૩૫ અક્ષરો લખેલા છે. પ્રતમાં અંક, દંડ માટે લાલ શાહી વાપરેલ છે. પ્રતના અક્ષરો સુંદર છે. કૃતિની દરેક પ્રતો વિ. સં. ૧૯મી સદીના આસપાસની લખાયેલી છે.

મેઘરાજ ગણિ કૃત ગૌતમસ્વામી ભાસની પ્રતિ[E] આત્મીય મુનિશ્રી સુયશચંદ્રવિજયજી ભગવંતના સંગ્રહમાંથી મળી છે. એ બદલ એમનો ખૂબ ખૂબ આભાર..

**૧. ગૌતમસ્વામી ભાસ - ઋદ્ધિસૌભાગ્યવિજય, ૨. ગૌતમસ્વામી ભાસ - ઋદ્ધિસૌભાગ્યવિજય, ૩. ગૌતમસ્વામી ભાસ - રત્નવિજય, ૪. ગૌતમસ્વામી ભાસ - માણેકવિજય, ૫. ગૌતમસ્વામી ભાસ-લાભવિજય, ૬. ગૌતમસ્વામી ભાસ-મેઘરાજવિજય, ૭. ગૌતમસ્વામી ભાસ-ક્ષમાકલ્યાણવિજય**

E. આ પ્રતિના અંતે સાધ્વી ફૂલા પઠનાર્થે એવું જણાવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગૌતમસ્વામી ભાસ - ૠદ્ધિસૌભાગ્યવિજય

### (ભટીઆણીની-દેશી)

જગ ગુરુ જિનપતિ હો, શ્રી જિન વીર જિણંદના,ગુરુ ગૌતમ ગણધાર
નગરી વિસાલા ઉદ્યાને હો, પ્રભુજી આવીને રહ્યાં, પરવરીયા પરિવાર. ૧

આવો મોરી સહિયરો હો, શ્રી ગુરુ ગૌતમને ગાઇએ, ગુણમણિ રયણ ભંડાર
રૂપ ગુણે કરી જીત્યો હો, સુરપતિ સરખો દેવતા, મુનિજન મોહનગાર. ૨ આવો....

લબધિ અઠ્ઠાવીસે હો, પાખરીયો[૧] કરી જાણીએ, પરીષહ ફોજ[૨] નિવાર
ચતુરવિધ સંઘ હો, તિહાં સેન સબલ સાહા[૩] ધરે, ચરણ વિવિધ હથિયાર. ૩ આવો....

ચતુરદશ પૂર્વ હો, ચૌદ રયણ જસ જાણીએ ષટ્ખંડ જીવ ષટ્કાય
પાળેને પળાવે હો, બ્રહ્મવ્રત વાડિ નવે નિધિ, સકલ જંતુ સુખદાય. ૪ આવો....

સંયમનો સ્નેહી હો, સુમતા નારી સેવતી, સુમતિ ગુપ્તિ સખી દોય
જીવદયા પાળે હો, વચન પડહ વાજે સદા જેહથી, જગ જસ હોય. ૫ આવો....

મતિ શ્રુત અવધિ હો, મનપરજવ[૪] જસ જાણીએ, ચારે ચતુર પ્રધાન
શ્રી જિનધર્મનું હો, રાજ ચલાવે રાજીયો, શાસનનો સુલતાન. ૬ આવો....

ધર્મ ગુરુ જિનની હો, આણા જગત મનાવતા, વિચરે દેશ વિદેશ
કનક શુભકમલે હો, બેસી ગુરુ દેશના દીયે, મિસરી[૫]થી અતિપેસ[૬]. ૭ આવો....

ચેટક નારી સારી[૭] હો, નગર તણી નારી મલી, ગુંહલી કરે ગુણ ખાંણ
મોતિડે ચોક પૂરી હો, સોના ફૂલે વધાવતી, સાંભળતી ગુરુ વાણી. ૮ આવો....

કોકિલ કંઠે કામિની હો, જિન ગુણ ગુરુ ગુણ, ગાવતી પામતી પરમ કરાર[૮]
ભવોદધિ તારણ હો, કારણ એ છે ભાવના, ૠદ્ધિસૌભાગ્ય દાતાર. ૯ આવો....

## ગૌતમસ્વામી ભાસ - ૠદ્ધિસૌભાગ્યવિજય

### (સાહિબા પંચમી મંગલવાર પ્રભાતે ચાલવું રે લો એ દેશી)

સાહિબા ગુરુ ગચ્છપતિ ગુરુરાજ, શ્રી ગૌતમ જાણીએ રે લો
સાહિબા મુનિમંડલ મહારાજ, કે મન ઘેર આંણીએ રે લો
સાહિબા શાસનના સુલતાન, (કે) વજીર શ્રી વીરના રે લો
સાહિબા લબધિવંત નિધાન, કે સુરિ ગુણ હીરના રે લો. ૧

સાહિબા મગધ દેશ મઝાર, કે ગૌબર ગામ છે રે લો
સાહિબા વસુભૂતિ પૃથ્વીનારિ, કે માય તાય[૯] નામ છે રે લો.
સાહિબા સોવનવાન સમાન, શરીર સુકોમલું રે લો
સાહિબા લોચન યુગલ પ્રધાન, કે કર ક્રમ[૧૦] કોમલું રે લો. ૨

સાહિબા જ્ઞાનરયણ ભંડાર કે સિદ્ધાંતનો સાગરુ રે લો
સાહિબા મહાવ્રત જસ મનોહાર, કે મહિમા ગુણ આગરુ રે લો
સાહિબા નહિ પ્રતિબંધ વિહાર, કે નહિ ઈહાં કશી[૧૧] રે લો
સાહિબા સકલ જંતુ સુખકાર, દયા જસ મન વસી રે લો. ૩

---

૧. પાખરીયો = બખ્તર, ૨. ફોજ = સેના, ૩. સાહા = સાધુઓ, ૪. મનપરજવ = મનપર્યવજ્ઞાન, ૫. મિસરી = ખાંડ, ૬. પેસ = (મધુર ?) ૭. સારી = સર્વ, ૮. કરાર = શાતા, ૯. તાય = તાત (પિતા), ૧૦. ક્રમ = પગ, ૧૧. કશી = પીડા રહિત,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિબા નયરી ચંપા ઉપવન, કે પૂજ્યજી પધારીયા રે લો.
સાહિબા શ્રેણિક શ્રુત ધન્ય ધન્ય, કે વંદન સધારીયા[૧૨] રે લો
સાહિબા દેશના દીઇં ગુરુરાય, કે ભવિક પ્રતિબોધતા રે લો.
સાહિબા પ્રહ ઉઠી પ્રણમો પાય, કે સુમતિ પાંચ સાધતા રે લો. ૪

સાહિબા કોણિક ભૂપતિ નારી, કે ગુંહલી લાવતી રે લો.
સાહિબા સ્વસ્તિક પૂરતી સાર, કે મોતી વધાવતી રે લો
સાહિબા કામિની કોકિલ વાંણિ, કે ગુરુ ગુણ ગાવતી રે લો
સાહિબા **ઋદ્ધિસૌભાગ્ય** ગુણ ખાંણિ, કે સદા સુખ પાવતી રે લો. ૫

## ગૌતમસ્વામી ભાસ-રત્નવિજય

## (મોહનગારા હો રાજ રુડા માહરા સાંભળ સુગુણા સૂડા એ દેશી)

ચંપા નયરી અતિ મનોહારો રે, આવ્યા ઇંદ્રભૂતિ ગણધારો રે,
મુનિવર વૃંદ તણો પરિવારો રે, એ તો ગુણમણિના ભંડારો રે. ૧

વહે પંચ મહાવ્રત ભારો રે, સાધક રત્નત્રયી ઉદારો રે,
છંડે પાપસ્થાન અઢારો રે, સકલ જંતુ તણા રખવાળો રે. ૨

અનુભવ રમણ કરે મુનિરાય રે, પાલે અષ્ટ પ્રવચન માય રે,
વનપાલ વધામણી જાય રે, નિસુણી હરખ્યો શ્રેણીક રાય રે. ૩

ચતુરંગી સેનાસ્યું પરિવરીઓ રે, જેમ જેઠ[૧૩] ઉદ્યાને દરિયો[F] રે,
વંદે હરખ ધરિ બહુમાને રે, દેસના સુણીને આણંદ પામે રે. ૪

રાણી ચેલણા ચતુર સુજાણ રે, સાંભળી સદ્‌ગુરુ કેરી વાણી(ણ) રે,
ઘૂઅલી[૧૪] કરે અનુભવ ચંગ રે, સ્વસ્તિક પૂરતિ શ્રદ્ધા રંગે રે. ૫

મન નિરમલ મોતી વધાવે રે, લોંછણ[૧૫] કરતાં અનુભવ પાવે રે,
ગુણ નિધિ **ઉત્તમ** ગુરુ સેવે રે, તે તો **રત્ન** અમૂલક લેવે રે. ૬

## ગૌતમસ્વામી ભાસ-માણેક વિજય

## (મારુજી નીંદ નયણાં બીચ ઘૂલ રહી એ દેશી)

સજની સદ્‌ગુરુ ચરણ નમી કરી, ગાઇસું શ્રી ગચ્છરાય હો મન જોયાનો
ઉમાહ્યો[૧૬] અતિ હી ઘણો, આનંદ અંગ ન માય હો મન જોયાનો. ૧

મુખપંકજ ગુરુજી તણો ટેક

વીર પટોધર[૧૭] જાણીયે, ગોયમ સોયમ જાણ હો મન જોયાનો
ભવસાયરથી તારતા, બુડતા ભવ્ય પ્રાંણિ હો મન જોયાનો. ૨

ચીર પટંબર પહેરીયે, અંજન મંજન[૧૮] સાર હો મન જોયાનો
હાર-ડોર કંકણ ભલા, ટીલી અલંક(કાર) સમાર હો મન જોયાનો. ૩

થાલ ભરી સગ[૧૯]મોતીઇં, કુંકુંમ ઘસી ઘનસાર હો મન જોયાનો
ગુંહલી કરો ગુરુ આગલે, લુંછણ[૨૦] લ્યો વારોવાર હો મન જોયાનો. ૪

F. જાણે કે ઉદ્યાનમાં વિશાળ સમુદ્ર સમાવાનો ન હોય એવી ચતુરંગી સેના સાથે રાજા શ્રેણિક વંદન કરવા જાય છે.
૧૨. સધારીયા = પધારે, ૧૩. જેઠ = વિશાળ. ૧૪. ઘૂઅલી = ગહુંલી, ૧૫. લોંછણ = ઓવારણા, ૧૬. ઉમાહ = ઉત્સાહ, હોંશ,
૧૭. પટોધર = પટ્ટધર, ૧૮. મંજન = સ્નાન, ૧૯. સગ = સાચું, ૨૦. લુંછણ = ઓવારણા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયાચલ રવિ ઉગમ્યો, પાપ તિમિર કરે દૂર હો મન જોયાનો
ગહિરે[21] તખત[22] બિરાજતા, રાજતા અભિનવ સૂર હો મન જોયાનો. ૫

લટકાલી ગુરુ દેશના, મટકાલી ગુરુની આંખ હો મન જોયાનો
રુપે રતિપતિ સારિખા, અષ્ટ કરમ રિપુ નાશ હો મન જોયાનો. ૬

શ્રીવિજય **ધર્મસુરિંદના,** પાટવિ ગુરુ ગુણ કોડ હો મન જોયાનો
વિજય **જિનેંદ્રસૂરીસરુ, માણિક** નમે કર જોડી હો મન જોયાનો. ૭

## ગૌતમસ્વામી ભાસ-લાભવિજય

## (આજ હજારિ ઢોલો પ્રાહુંણો એ દેશી)

નયરિ વિશાલા ઉદ્યાનમાં, સમવસર્યા ગુરુરાય મોહનગારા હે
શામ-દામ અંતર બાહિર, સાથે મુનિ સમુદાય મોહનગારા હે. ૧

આજ વધાવો ગુરુ હર્ષસ્યું

સંયમ મારગ સાધતાં, દુવિધ ધર્મ કહંત મોહનગારા હે
જ્ઞાયક તત્ત્વત્રયી તણાં, કરે ક્રોધાદિકનો અંત મોહનગારા હે. ૨

સુમતિ ગુપતિ ધરે રંગસ્યું, સત્ત્વ તણાં પ્રતિપાલ મોહનગારા હે
ટાલે ભય મદ આઠને, શીયલ તણાં રખવાળ મોહનગારા હે. ૩

આવ્યા ગુરુને સાંભળી, હર્ષે ચેટક રાય મોહનગારા હે
ચતુરંગી સેના પરિવર્યા, ભાવે વંદન જાય મોહનગારા હે. ૪

અભિગમ પંચને સાચવી, પ્રણમે તેહના પાય મોહનગારા હે
બેસે યથોચિત સ્થાનકે, સનમુખ થઈ નિરમાય મોહનગારા હે. ૫

ચઉગઇવારક સાથિઓ, પુરે મન અનુકૂલ મોહનગારા હે
મણિ માણિક મુક્તાફલે[23], વધાવે સોવન ફૂલ મોહનગારા હે. ૬

રત્નત્રયીની દેશના, સાંભળે ચિત્ત લગાય મોહનગારા હે
જિન આગમ બહુમાનથી, શીવપદ લાભ ઉપાય મોહનગારા હે. ૭

આજ વધાવો ગુરુ હર્ષસ્યું

## ગૌતમસ્વામી ભાસ-ગણિ મેઘરાજ

જિનવર શ્રીવર્ધમાન તણઉ, શિષ્ય ગણધર ગૌતમ સુજસ થુણઉ[24]
પ્રહ ઉઠી ગુરુ નામ ભણઉ, જસ સ્મરણ લાભ અનંત ગુણઉ. ૧

શ્રીવસુભૂતિ સુપુત્ર ભલઉ, પુહવીસુત સોહે જગતિલઉ
ઋદ્ધિ સમૃદ્ધિ લબધિ નિલઉ, સુખ સંપતિ દ્યઇ ગૌતમ વહલઉ[25]. ૨

ગોતમ નામે ચડતઇં કલા, કુલ ઉત્તમ ઘરિ વિલસે કમલા
પ્રેમ પૂરી પુત્રવતી મહિલા, દહ દિસ વાધઇ કીરતિ વિપુલા. ૩

મદ્દલ[26]નાદ નીસાણ[27] ધુરે, ભલા ભૂપતિ ઉભા સેવ કરે
પરબલ[28] પુન્ય ભંડાર ભરે, જઉ ગૌતમ નામ સદા સમરે. ૪

૨૧. ગહિર (ગંભીર) = ઊંચા, ૨૨. તખત = સિંહાસન, ૨૩. મુક્તાફલ = મોતી, ૨૪. થુણઉ = સ્તવના કરવી, ૨૫. વહલઉ = વહેલું, તુરંત, ૨૬. મદ્દલ = મૃદંગ, ૨૭. નીસાણ = નોબત, ૨૮. પરબલ = પ્રબળ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંગણ ગજ-હયવર હીંસઇં[29], પરિવારે કરી પૂરા દીસઇં
ભોગ ભલા બહુપરિ વિલસઇં, જે ગૌતમ પય પંકજ તુસઇં[30] ૫

કુશલ કલ્યાણ સવે ઠામઇં, બલ રુપ વિદ્યા આદર પામઇં
સિદ્ધિ હુઇં સઘલઇ કામઇં, સમરંતાં ગૌતમને નામઇ. ૬

ગિરુઆ ગચ્છપતિ ધર્મધણી, મોટી મહિમા સૂરીસ તણી
તે પણ ગૌતમ મંત્ર ભણી પૂજા પામઇં છઇં જગત્રય તણી. ૭

દૂર દેશાંતર કાંઇ ફીરઉ, મનિ આરતિ ચિંતા દૂરિ ધરઉ
ગૌતમ નાસ સદા સમરઉ, મનવંછિત આશ સફલ કરઉ. ૮

નર સુર શિવપુર લચ્છિ[31] લહઇં, જે ગોયમ ગુરુનઇં ધ્યાનઇં રહઇં
જીવઇંતા જયકાર વહઇ, **મેઘરાજ મુનિ** ઇમ સુજસ કહઇં. ૯

## ગૌતમસ્વામી ભાસ-ઉપા. ક્ષમાકલ્યાણવિજય

### ગઢગિરનાર કી તલહઠી ફાગ ખેલે શ્રી નેમકુમાર એ દેશી

(આ દેશી જૈન ગૂર્જર કવિઓમાં નોંધાયેલી નથી.)

પ્રહ ઉઠી નિત પ્રણમીયે, ગુણવંતા ગોતમ ગણધાર
વર ગુબ્બર નામે ભલો, ગાંવ સોહૈ દેશ મગધ મજાર
દ્વિજ વસુભૂતિ તણે ઘરે, તિહાં લીનો ઉત્તમ અવતાર. ૧ પ્રહ ઉઠી એ આંકડી

પ્રથવી માતા જનમીયા, તનુ સોહૈ સુંદર સુકુમાર
ગોતમ ગોત્ર વિરાજિતા, નામ થાપ્યો ઇંદ્રભૂતિ ઉદાર. ૨ પ્રહ ઉઠી.

સોવનવરણ સુહામણો, તનુ ઉંચો કર સાત નિહાર
શ્રી મહાવીર જિણંદ, કે જસ ધારી પહિલા ગણધાર. ૩ પ્રહ ઉઠી.

બાંણુ વરસનો આઉખો, પૂરી પુહતા પ્રભુ મુગતિ મઝાર
નામ લીયાં સુખ સંપજે, દુર જાયે દુઃખ દોષ વિકાર. ૪ પ્રહ ઉઠી.

પદ સેવા ગુરુરાજ કી, પુન્ય જોગે પાવે નરનાર
સાધુ **ક્ષમાકલ્યાણ** કી, નિત હોજો વંદના વારંવાર. ૫ પ્રહ ઉઠી.

**જ્ઞાન બળ તેજને સકળ સુખ સંપદા,**
**ગૌતમ નામથી સિદ્ધિ પામે**
**અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં,**
**સુર-નર જેહને શિર નામે**
**(ગૌતમસ્વામી છંદ ગાથા-૪)**

૨૯. હીંસઇં = હેંસારવ કરવો, ૩૦. તુસઇ = સંતોષ પામવો, ૩૧. લચ્છિ = લક્ષ્મી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાલો, ન્યાયને ન્યાય આપીએ

**લેખક - મુનિ શ્રી રત્નવલ્લભવિજયજી મ. સા.**

પદાર્થની સિદ્ધિ માટે શાસ્ત્રમાં બે પ્રકારના વાદ બતાવ્યા છે - (૧) હેતુવાદ અને (૨) આગમવાદ. પ્રત્યક્ષાદિ પ્રમાણો આપવા દ્વારા પદાર્થની સિદ્ધિ માટે થતો વાદ તે હેતુવાદ/યુક્તિવાદ કહેવાય. વ્યવહારભાષામાં આને તર્ક પણ કહી શકાય. તથા જ્યાં પ્રત્યક્ષાદિ પ્રમાણનો અવકાશ ન હોય ત્યાં 'આગમવચન પ્રમાણ છે' એવું સ્વીકારવા દ્વારા પદાર્થની સિદ્ધિ જે વાદથી થાય તે આગમવાદ કહેવાય. જાડી ભાષામાં આને 'શ્રદ્ધા' કહી શકાય. બન્ને જૈનમતને માન્ય છે. તે તે વસ્તુને સિદ્ધ કરવાના ઉક્ત બન્નેય ઉપાયો પોતપોતાના વિષયમાં આવશ્યક છે, અનિવાર્ય છે. બેશક, શ્રદ્ધાનું ક્ષેત્ર/સ્તર વિશાળ અને ઊંચું છે. પણ તેટલા માત્રથી હેતુવાદની/તર્ક-યુક્તિની અવગણના થઈ શકતી નથી. હેતુવાદ/યુક્ત એ તત્ત્વજ્ઞાન થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અને તત્ત્વજ્ઞાન એ મોક્ષનું/કર્મનિર્જરાનું અમોઘ શસ્ત્ર છે, એ વાત જૈન અને જૈનેતર દર્શનોને પણ માન્ય છે. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ તો ત્યાં સુધી અધ્યાત્મસાર ગ્રંથમાં વૈરાગ્ય-અધિકારમાં કહે છે કે, જો આગમિક (આગમવાદથી/આગમશ્રદ્ધાથી જ ગમ્ય એવા) પદાર્થોને વિષે આગમવાદને લગાડતાં/યોજતાં અને યુક્તગમ્ય (યુક્તિ/તર્ક/હેતુવાદથી સિદ્ધ થઈ શકતાં) પદાર્થોના સંબંધમાં હેતુવાદ/યુક્તિને યથાસ્થાને યોજતાં/લગાડતાં ન આવડે તો 'જ્ઞાન ગર્ભિત' (ત્રીજા પ્રકારનો શ્રેષ્ઠ) વૈરાગ્ય ન કહેવાય. આ વાતને અભિવ્યક્ત કરતો શ્લોક આ રહ્યો -

**आज्ञयाऽऽगमिकार्थानां यौक्तिकानां च युक्तितः ।**
**न स्थाने योजकत्वं चेन्न तदा ज्ञानगर्भता ।।१७६।।**

ટૂંકમાં કેટલાક પદાર્થો એવા છે કે આગમવાદથી જ સિદ્ધ થઈ શકે છે. જેમકે, નિગોદના શરીરમાં અનંતા જીવો છે. જ્યારે જીવમાં ચૈતન્યની સિદ્ધિ હેતુવાદથી/યુક્તિથી થઈ શકવાથી ત્યાં હેતુવાદ યોજવો જોઈએ. ત્યાં ફક્ત આગમવાદ લગાડવો જોઈએ નહીં. પદાર્થ કે પદાર્થનો અંશ જે વાદથી સિદ્ધ થઈ શકતો હોય તે વાદથી જ તેની સિદ્ધિ કરવી જોઈએ.

ન્યાયદર્શન ભણવાનું એક કારણ એ છે કે ન્યાયદર્શન ભણવાથી તર્કશક્તિ/વિચારશક્તિ ખીલે છે. મતિ સૂક્ષ્મ થાય છે અને સૂક્ષ્મ થયેલી તે મતિ જિનાગમોના અને ન્યાયના આધારે રચાયેલ ગ્રંથોના પદાર્થોને યથાર્થ રીતે ખોલવા માટે, ઊંડાણથી વિશદરૂપે સમજવા માટે કારણભૂત બને છે. દરેક ભારતીય દર્શનનું અધ્યયન કરવા માટે પણ ન્યાયશાસ્ત્ર (દર્શન)નું જ્ઞાન અત્યંત જરૂરી માનેલું છે. જેટલું ન્યાયશાસ્ત્રનું જ્ઞાન સારું તેટલો જલ્દીથી બીજા શાસ્ત્રોમાં પ્રવેશ થઈ શકે છે.

શાસ્ત્રો અનેક પ્રકારના હોય છે. કેટલાક સાધનગ્રંથો હોય છે. જેમકે, વ્યાકરણ, ન્યાય, કાવ્ય વગેરે. આ સાધનગ્રંથોના અધ્યયનપૂર્વક જ અન્ય પદાર્થ, વૈરાગ્ય, ધર્મ, અધ્યાત્મ, કથાનક આદિ વિષયક ગ્રંથોનું અધ્યયન થઈ શકે છે. જેટલું સાધન ગ્રંથોનું અધ્યયન સારું હોય, તેટલો ઝડપથી અન્ય ગ્રંથોમાં પ્રવેશ થઈ શકે છે.

ન્યાયદર્શનનું જ્ઞાન વ્યાકરણથી જાણેલ શાસ્ત્રાર્થ એ યથાર્થ/સંગત છે કે નહીં, તેનો નિર્ણય કરવા માટે અત્યુપયોગી નિવડે છે. માટે જ વાત્સ્યાયને 'ન્યાય' નું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે - प्रमाणैः अर्थपरीक्षणं न्यायः।

આ ન્યાયશાસ્ત્ર ભણતાં કેટલીક વખત જૈન અભ્યાસુઓને કઠિનતા અને ગૂંચવણ અનુભવાતી હોય છે. કેમકે આખરે તો ન્યાયદર્શન એ મિથ્યાદર્શન છે તેની કેટલીક માન્યતાઓ જૈનદર્શનથી ધરાર ભિન્ન છે. જેમકે, પૃથ્વી, જલાદિના પરમાણુઓ પરસ્પરરૂપે પરિવર્તન પામતાં નથી, પણ પૃથ્વી આદિ રૂપે જ રહે છે. (આથી ચંદ્રના કિરણો તેઓના મતે ઉષ્ણતાવાળા તે જો દ્રવ્યરૂપ હોવા છતાં તેની શીતલતાને સિદ્ધ કરવા તેમાં શીતસ્પર્શવાળું જલદ્રવ્ય માન્યું. તથા પૃથ્વીદ્રવ્યમાં ચિકાશ માનતા નથી છતાં તેઓ ઘી/તેલ વગેરે પૃથ્વી દ્રવ્યમાં ચિકાશને સિદ્ધ કરવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓએ જલભાગ માનેલ છે. તથા શબ્દ એ પુદ્ગલ દ્રવ્ય નથી, પણ આકાશનો ગુણ છે. તથા આત્મા એ જ્ઞાન સ્વરૂપ નથી, પણ આત્મા એ જ્ઞાન ગુણનો આધાર હોયને આત્મા અને જ્ઞાનને સર્વથા ભિન્ન માને છે. ઈત્યાદિ અનેક બાબતો જૈનદર્શનની માન્યતાથી ભિન્ન છે.

આ કારણથી ન્યાય ભણતી વખતે ન્યાયદર્શનથી ભિન્ન એવી જૈનોની માન્યતાને આગળ કરીને ન્યાયદર્શનની ઉપેક્ષા/તિરસ્કાર કરવો ન જોઈએ, પણ તેઓનાં (ક્યારેક જૈનોને અમાન્ય પણ) મતને સિદ્ધ કરવા માટે તેમણે કેવી યુક્તિ/પ્રયુક્તિઓ યોજી છે, તે જ જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી, ન્યાયદર્શનની માન્યતાઓને અને તર્કોને જૈન દૃષ્ટિએ મૂલવવા ન જોઈએ અને તે વખતે તેનું ખંડન પણ કરવાની હોંશ/અધિરાઈ ભણનારે રાખવી ન જોઈએ. (એ તો જૈનન્યાય ભણતાં સમજાઈ જશે અને જૈનશાસ્ત્રો પરની શ્રદ્ધા પણ બહોળી થઈ જશે) કારણકે ભણતી વખતે તેનું ખંડન કરવાનું મુખ્ય પ્રયોજન નથી, પણ આગમિક પદાર્થોના અથવા ન્યાય આધારિત જૈન શાસ્ત્રોના યથાર્થ બોધ માટે ન્યાયનું અધ્યયન એ જ મુખ્ય લક્ષ્ય હોવું ઘટે.

આવા વખતે અધ્યાપક ભોમિયાની ગરજ સારી શકે છે, અધ્યાપક જો સ્યાદ્વાદ/અનેકાંતવાદને આગળ કરીને સમન્વયદૃષ્ટિ અપનાવીને જ્ઞાનાર્થીઓને ભણાવે તો ઉચિત ગણાશે. કેટલીક વખત એવું બને છે કે ન્યાયદર્શનની અલગ માન્યતાઓ અંગે વિદ્યાર્થી વર્ગ પ્રશ્નો કરી મૂકે છે, ત્યારે અધ્યાપક ક્યારેક ન્યાયદર્શનને જ સાચું ઠરાવવા પ્રયત્ન કરે છે. અમુક હદ સુધી આમ કરવામાં વાંધો પણ નથી, પણ તેની એકાંત તરફેણમાં જ દલીલ કરાય તો મિથ્યામતની પુષ્ટિનો દોષ લાગવાનો સંભવ છે. આવા વખતે જો ક્વચિત્ ભણનારના કંઈક સંતોષ માટે જૈનદર્શનની અપેક્ષાએ ન્યાયદર્શનની ગલત માન્યતાના કેટલાંક ખંડન પ્રકારો અવસરે જણાવતા રહેવાય તો ભણનારના મનમાં આ ન્યાયદર્શન સત્ય જ છે, એવી ગલત માન્યતા જામ ન થાય આવા આશયથી જ 'ન્યાય-ભૂમિકા' ગ્રંથમાં ન્યાયના પદાર્થોનું નિરૂપણ કરતાં વચ્ચે વચ્ચે પ. પૂ. આ. ભગવંતશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે જૈન દર્શનના દૃષ્ટિકોણથી પણ તે તે પદાર્થોની છણાવટ કરેલી જણાય છે. ક્યારેક ન્યાયદર્શનના પદાર્થો છે, તેનું પણ જ્ઞાપન થાય તો પ્રાથમિક કક્ષામાં ભણનારાઓને તે વધુ ઉપયોગી થશે. તેઓની જિજ્ઞાસાની તૃપ્તિ અથવા શંકાનું સમાધાન થવાથી ન્યાયનું અધ્યયન આલ્હાદક બનશે, ઉત્સાહવર્ધક બનશે. ભણનાર વડે અસ્થાને પૂછાતા પ્રશ્નોને તેવા ગણાવી અટકાવવા જોઈએ, પણ સ્થાને પ્રશ્ન ન પુછાય તો તે માટે તેઓને પ્રેરિત/ઉત્સાહિત પણ કરવા જોઈએ. આમ સામાન્યતઃ ન્યાયદર્શન ભણતાં ન્યાયદર્શનને લક્ષ્યમાં રાખીને પ્રશ્નોત્તરી થવી ઘટે. ક્વચિત્, જિજ્ઞાસાની તૃપ્તિ માટે અથવા ગલત માન્યતા ઘર ન કરી જાય તે માટે જૈનદર્શનના દૃષ્ટિકોણને સમજાવી શકાય, જેથી બન્ને વચ્ચે તફાવત સમજાય પણ ગૂંચવાડો ઉભો કરતું બન્નેય દર્શનોનું મિશ્રણ તો ન જ કરાય.

ટૂંકમાં સ્યાદ્વાદ/અનેકાંતવાદ સિદ્ધાંતને સામે રાખીને જો ન્યાયદર્શનનું અધ્યયન કરાવાય તો મને લાગે છે કે ભણનારાઓને સુગમતા રહે અને સંતોષ આપી શકાશે. વર્તમાન કાળમાં ન્યાયના અભ્યાસને પુષ્ટિ આપવા પ્રાયોગિક ધોરણે શિબિરો થઈ રહી છે, એ આનંદની વાત છે. જો કે આ પ્રયોગ ન્યાયપરિચાયક કે ન્યાય પ્રત્યે રુચિજનક બને, એ એની મર્યાદા છે, એથી વિશેષ નહીં.

વર્તમાનકાળમાં આ વિષયમાં નિષ્ણાત ગૃહસ્થ અધ્યાપકો/પંડિતોની અછત છે. તેવા અધ્યાપકોની તાતી જરૂર જણાય છે. જેઓ ન્યાયની પ્રધાનતાવાળા જૈન-અજૈન દાર્શનિક પદાર્થોના ગ્રંથોના અકળ ઊંડાણ સુધી જઈને તેમાં નિપુણતા મેળવી હોય પણ તે માટે પંડિતવર્યશ્રી પ્રભુદાસભાઈ બેચરદાસભાઈ પારેખ આદિ જેવા સ્વયં લક્ષ્યબદ્ધ, સંનિષ્ઠ અને ધનાર્થીપણાનું, સમયનું અને જીવનનું બલિદાન આપવા કટિબદ્ધ કોઈ વીરવર માટે શું રાહ જોવી પડશે?

મતિ મંદતાથી જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विनय

**अरुण झा**

विनय का सम्बन्ध आचार से है। जो आचारयुक्त होता है वह गुरुजनों का विनय करता है। अहंकार पत्थर की तरह कठोर होता है, वह टूट सकता है पर झुक नहीं सकता जिसका हृदय नम्र है, मुलायम है, उसकी वाणी और आचरण सभी में कोमलता का मधुर सुवास होता है। विनय आत्मा का ऐसा गुण है, जिससे आत्मा सरल शुद्ध और निर्मल बनती है। विनय शब्द का प्रयोग आगम-साहित्य में अनेक स्थलों पर हुआ है। कहीं पर विनय नम्रता के अर्थ में व्यवहृत हुआ है तो कहीं पर आचार और उसकी विविध धाराओं के अर्थ में प्रयुक्त हुआ है। जैन परम्परा में विनय शब्द व्यापक अर्थ लिये हुए है। श्रमण भगवान महावीर के समय में एक सम्प्रदाय था जो विनय प्रधान था। वह बिना किसी भेद भाव के सबका विनय करता था। चाहे श्रमण मिले या ब्राह्मण, गृहस्थ मिले या राजा अथवा रंक, हाथी, घोड़ा, कुत्ते, बिल्ली आदि सबका विनय करना उसका सिद्धान्त था। इस मत के वशिष्ट, पराशर, जतुकर्म, वाल्मीकि, रोमहर्षिणी, सत्यदत्त, व्यास, तेलापुत्र, इन्द्रदत्त आदि बत्तीस आचार्य थे। जो विनयवाद का प्रचार करते थे। ज्ञाताधर्मकथा में सुदर्शन नामक श्रेष्ठी ने थावच्चापुत्र अणगार से अपनी जिज्ञासा प्रकट की- आपके धर्म और दर्शन का मूल क्या है। थावच्चापुत्र अणगार ने चिन्तन की गहराई में डुबकी लगाकर कहा- सुदर्शन ! हमारे धर्म और दर्शन का मूल विनय है और वह विनय अगार और अनगार विनय के रूप में है। अगार और अनगार के जो व्रत और महाव्रत हैं उनको धारण करना ही अगार-अनगार विनय है। उत्तराध्ययन के प्रथम अध्ययन का नाम विनयश्रुत दिया गया है।

आचार्य नेमिचन्द्रजी के प्रवचनसारोद्धार ग्रन्थ पर आचार्य सिद्धसेनसूरिजी ने एक वृत्ति लिखी है। उसमें उन्होंने लिखा है- क्लेश समुत्पन्न करने वाले आठ कर्मशत्रुओं को जो दूर करता है- वह विनय है। विनयति क्लेशकारकमष्टप्रकारं कर्म इति विनयः। विनय से अष्टकर्म नष्ट होते हैं। चार गति का अन्त कर वह साधक मोक्ष को प्राप्त करता है। विनय सद्‌गुणों का आधार है। जो विनीत होता है, उसके चारों ओर सम्पत्ति मँडराती है और अविनीत के चारों ओर विपत्ति। भगवती, स्थानांग व औपपातिक में विनय के सात प्रकार बताए गए है -

यह सहज जिज्ञासा हो सकती है कि विनय को तप क्यों कहा गया है? सद्‌गुरुओं के साथ नम्रतापूर्ण व्यवहार करना वह प्रत्येक व्यक्ति का कर्त्तव्य है। फिर उसमें ऐसी क्या विशेषता है जो उसे तप की श्रेणी में परिणत किया गया है? उत्तर में निवेदन है कि विनय शब्द जैन साहित्य में तीन अर्थों में व्यवहृत हुआ है -

विनय- अनुशासन, विनय- आत्मसंयम- सदाचार, विनय- नम्रता- सद्‌व्यहार।

उत्तराध्ययन के प्रथम अध्ययन में जो विनय का विश्लेषण हुआ विनय अनुशासन के अर्थ में आया है। सद्‌गुरुओं की आज्ञा का पालन करना, उनकी भावनाओं को लक्ष्य में रखकर कार्य करना। गुरुजन शिष्य के हित के लिये कभी कठोर शब्दों में हितशिक्षा प्रदान करें, उपालम्भ भी दें तो शिष्य का कर्त्तव्य है कि वह गुरु की बात को बहुत ही ध्यानपूर्वक सुनें और उसका अच्छी तरह पालन करें 'फरुसं पि अणुसासणं' अनुशासन चाहे कितना भी कठोर क्यों न हो, शिष्य सदा यही सोचे कि गुरुजन मेरे हित के लिये यह आदेश दे रहे हैं, इसलिये मुझे गुरुजनों के हितकारी, लाभदायक आदेश का पालन करना चाहिये। उनके आदेश की अवहेलना करना और अनुशासन पर क्रोध करना, मेरा कर्त्तव्य नहीं है।

विनय का दूसरा अर्थ आत्मसंयम है। उत्तराध्ययन में 'अप्पा चेव दमेयव्वो' आत्मा का दमन करना चाहिए, जो आत्मा का दमन करता है, वह सर्वत्र सुखी होता है। विवेकी साधक संयम और तप के द्वारा अपने आप पर नियंत्रण करता है। जो आत्मा विनीत होता है, वह आत्मसंयम कर सकता है, वही व्यक्ति गुरुजनों के अनुशासन को भी मान सकता है, क्योंकि उसके मन में गुरुजनों के प्रति अनंत आस्था होती है। वह प्रतिपल, प्रतिक्षण यही सोचता है कि गुरुजन जो भी मुझे कहते हैं, वह मेरे हित के लिये है। गुरुजनों का मुझ पर कितना स्नेह है कि जिसके कारण वे मुझे शिक्षा प्रदान करते हैं। शिष्य गुरुजनों के समक्ष विनीत मुद्रा में बैठता है, गुरुजनों के समक्ष कम बोलता है या मौन रहता है। गुरुजनों का विनयकर वे सदा प्रसन्न रहते हैं और ज्ञानाराधना में लीन रहते हैं। विनीत व्यक्ति अपने सद्‌गुणों के कारण आदर का पात्र बनता है। विनय ऐसा वशीकरण मंत्र है जिससे सभी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सद्‌गुण खिंचे चले आते हैं। अविनीत व्यक्ति सड़े हुए कानों वाली कुतिया सदृश है, जो ठोकरें खाती है, अपमानित होती है। लोग उससे घृणा करते हैं। वैसे ही अविनीत व्यक्ति सदा अपमानित होता है।

विनय का तृतीय अर्थ नम्रता और सद्‌व्यवहार। विनीत व्यक्ति गुरुजनों के समक्ष बहुत ही नम्र होकर रहता है। वह उन्हें नमस्कार करता है तथा अंजलिबद्ध होकर तथा कुछ झुककर खड़ा होता है। उसके प्रत्येक व्यवहार में विवेकयुक्त नम्रता रहती है। वह न गुरुजन के आसन से बहुत दूर बैठता है, न अधिक निकट बैठता है। वह इस मुद्रा में बैठता है जिसमें अहंकार न झलके। वह गुरुजनों की आशातना नहीं करता। इस प्रकार वह नम्रतापूर्ण व्यवहार करता है। भगवती, स्थानांग, औपपातिक में विनय के सात प्रकार बताए गए हैं- १. ज्ञानविनय, २. दर्शनविनय, ३. चारित्रविनय, ४. मनविनय, ५. वचनविनय, ६. कायविनय, ७. लोकोपचारविनय। ज्ञान, दर्शन और चारित्र को विनय कहा गया है, क्योंकि उनके द्वारा कर्मपुद्‌गलों का विनयन यानि विनाश होता है। विनय का अर्थ यदि हम भक्ति और बहुमान करें, तो ज्ञान दर्शन और चारित्र के प्रति भक्ति और बहुमान प्रदर्शित करना है। जिस समाज और धर्म में ज्ञान और ज्ञानियों का सम्मान होता है, वह धर्म और समाज आगे बढता है। ज्ञानी धर्म और समाज के नेत्र हैं। ज्ञानी के प्रति विनीत होने से धर्म और समाज में ज्ञान के प्रति आकर्षण बढता है। इतिहास साक्षी है कि यहूदी जाति विद्वानों का बड़ा सम्मान करती थी, उन्हें हर प्रकार की सुविधा प्रदान करती थी। जिसके फलस्वरूप आइन्सटीन जैसा विश्वश्रुत वैज्ञानिक उस जाति में पैदा हुआ अनेक मूर्धन्य विद्वान, वैज्ञानिक और लेखक यहूदी जाति की देन है। अमेरिका और रूस में जो विज्ञान की अभूतपूर्व प्रगति हुई है उसका मूल कारण वहाँ पर वैज्ञानिकों एवं साहित्यकारों का सम्मान रहा है। भारत में भी प्राचीनकाल के राजा महाराजा, कवियों, साहित्यकारों एवं अन्य विद्वानों को तन, मन एवं धन से सम्मान करते थे। जिससे विद्वान एकाग्रचित्त होकर साहित्य की उपासना करते थे। ज्ञानविनय के पाँच भेद औपपातिक में प्रतिपादित किये गए हैं। दर्शनविनय में साधक सम्यग्दृष्टि के प्रति विश्वास तथा आदरभाव प्रकट करता है। इस विनय के दो रूप है। १. शुश्रुषाविनय व २. अनाशातनाविनय। औपपातिक के अनुसार दर्शन विनय के भी अनेक भेद हैं। देव, गुरु, धर्म आदि का अपमान हो, इस प्रकार का व्यवहार नहीं करना चाहिये। आशातना का अर्थ ज्ञान आदि सद्‌गुणों की आय प्राप्ति के मार्ग को अवरुद्ध करना है।

१. अर्हत्, २. सिद्ध, ३. जिन प्ररूपित धर्म, ४. आचार्य, ५. उपाध्याय, ६. स्थविर, ७. कुल, ८. गण, ९. संघ, १०. क्रिया, ११. गणि, १२. ज्ञान, १३. ज्ञानी इन तेरह की आशातना न करना, भक्ति और गुण स्तुति करने से बावन अनाशातनाविनय के भेद प्रतिपादित हैं। सामायिक आदि पाँच चारित्र और चारित्रवान् के प्रति विनय करना चारित्रविनय है। अप्रशस्त प्रवृत्ति से मन को दूर रखकर मन से प्रशस्त करना मनोविनय है। सावद्य वचन की प्रवृत्ति न करना और वचन की निरवद्य व प्रशस्त प्रवृत्ति करना वचन विनय है। काया की प्रत्येक प्रवृत्ति में जागरूक रहना, चलना, उठना, बैठना, सोना आदि सभी उपयोगपूर्वक करना प्रशस्तकाय विनय है। लोक व्यवहार की कुशलता जिस विनय से सहज रूप से उपलब्ध होती है वह लोकोपचार विनय है। उसके सात प्रकार हैं। गुरु आदि के सन्निकट रहना, गुरुजनों की इच्छानुसार कार्य करना, गुरु के कार्य में सहयोग करना, कृत उपकारों का स्मरण करना, उनके प्रति कृतज्ञ भाव रखकर उनके उपकार से ऋणमुक्त होने का प्रयास करना, रुग्ण श्रमण के लिये औषधि एवं पथ्य की गवेषणा करना, देश एवं काल को पहचान कर कार्य करना, किसी के विरुद्ध आचरण न करना, इस प्रकार विनय की व्यापक पृष्ठभूमि है। यदि शिष्य अनन्त ज्ञानी हो जाए तो भी गुरु के प्रति उसके अन्तर्मन में वही श्रद्धा और भक्ति होनी चाहिये जो पूर्व में थी। जिन ज्ञानवान् से किंचित् भी ज्ञान प्राप्त किया जाय उसके प्रति सतत विनीत रहना चाहिये। जब शिष्य में विनय के संस्कार प्रबल होते हैं तो वह गुरुओं का सहजरूप से स्नेहपात्र बन जाता है। अविनीत असंविभागी होता है। और जो असंविभागी होता है, उसका मोक्ष नहीं होता। कहा गया है चार प्रकार की समाधि होती हैं। १. विनयसमाधि, २. श्रुतसमाधि, ३. तपसमाधि व ४. आचारसमाधि। आचार्य हरिभद्रसूरिजी ने समाधि का अर्थ आत्मा का हित, सुख और स्वास्थ्य से किया है। विनय, श्रुत, तप और आचार के द्वारा आत्मा का हित होता है। इसलिये वह समाधि है। अगस्त्यसिंह स्थविर ने समारोपण तथा गुणों के समाधान अर्थात् स्थिरीकरण या स्थापन को समाधि कहा है। उनके अभिमतानुसार विनय, श्रुत, तप और आचार के समारोपण या उनके द्वारा होने वाले गुणों के समाधान को विनय समाधि, श्रुतसमाधि तथा आचारसमाधि कहा गया है।

जब भयंकर आँधी चलती है तब बड़े-बड़े वृक्ष धराशायी हो जाते हैं परन्तु घास, बेंत आदि को विशेष क्षति

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नहीं पहुँचती है। इससे सिद्ध होता है कि जीवन जीने की कला नम्रता एवं विनय में है। जीवन में जो सुख और दुःख में साम्य भाव को धारण करते हुए विनम्र होता है वह जीवन में उन्नति कर सकता है। परन्तु जो धन-वैभव प्राप्त करके अहंकारी बन जाता है एवम् संकट के समय में दीन-हीन होकर हतोत्साहित हो जाता है, वह जीवन में कभी भी उन्नति नहीं कर सकता।

बाइबिल में भी कहा गया है - दम्भ का अन्त सदैव अहंकार होता है और अहंकारी आत्मा सदैव पतित होती है। नाश के पूर्व व्यक्ति अहंकारी हो जाता है, किन्तु प्रतिष्ठा हमेशा व्यक्ति को नम्रता ही प्रदान करती है।

भारतीय नीतिकारो नें भी विद्या, विनय, सुख को परस्पर सहकारी माना है।

**विद्या ददाति विनयं, विनयाद्याति पात्रताम्।**
**पात्रत्वात् धनमाप्नोति, धनात् धर्मः ततः सुखम्।।**

विद्या विनय देती है अर्थात् विद्या सम्पन्न व्यक्ति विनयशील होते हैं। विनय से पात्रता आती है। पात्रता से धन सम्पत्ति की प्राप्ति होती है। धन का सदुपयोग धार्मिक कार्यो में करने से धर्म की उपलब्धि होती है। जिससे सुख की प्राप्ति होती है।

जहाँ विनय सुख-समृद्धि और सम्मान आदि का श्रोत है। वहीं अविनय पतन, दुःख, विवाद आदि का कारण बनता है। वर्तमान युग में व्यक्ति थोड़ा धन, वैभव और ज्ञान को प्राप्त कर अहंकारी होता जा रहा है। पहले शिष्य गुरुजनों का विनय करता था परन्तु आज कहीं-कहीं गुरु शिष्य की उद्दण्डता, उच्छृंखलता से भयभीत होकर उसका विनय कर रहें है। उसी प्रकार परिवार में बच्चे माता-पिता व अभिभावक का यथायोग्य विनय नहीं करते हैं। जिसके कारण घर, समाज, राष्ट्र, देश में सुख शान्ति का अभाव है। सर्वत्र भ्रष्टाचार, कलह, तनाव, झगड़ा, शीतयुद्ध परिलक्षित होते हैं। इसलिये वर्तमान काल की विद्या, सभ्यता, संस्कृति मानव के लिये वरदान स्वरूप न होकर अभिशापस्वरूप हो गयी है। नीतिकारों ने भी कहा है -

**अविनीतस्य या विद्या, सा चिरं नैव तिष्ठति।**
**मर्कटस्य गले बद्धा, मल्लीनां मालिका यथा।।** (सर्वो० श्लोक पृ० ५५६)

अविनीत व्यक्ति की जो विद्या है, वह बंदर के गले में निबद्ध मालती की माला के समान है, जो चिरकाल तक नहीं ठहरती है।

जब वृक्ष में फूल आते हैं तो वह पहले की अपेक्षा नम्र हो जाता है। और जब फल लग जाते है तो और भी नम्र हो जाता है। इसी प्रकार जब व्यक्ति निर्गुण से गुणी, अज्ञानी से ज्ञानी, अधर्मी से धर्मात्मा बन जाता है। तब वह उत्तरोत्तर विनम्र होता जाता है। सत्पुरुष ऐश्वर्य प्राप्त होने पर नम्र हो जाते हैं। कहा भी गया है -

**भवन्ति नम्रास्तरवः फलोद्गमैर्नवाम्बुभिर्भूमिविलम्बिनो घनाः।**
**अनुद्धताः सत्पुरुषा समृद्धिभिः स्वभाव एवैष परोपकारिणाम्।।** (नी० श० पृ १०६)

किसी नगर में एक दानी रहता था। कभी कोई याचक उसके यहां से निराश नहीं लौटता था; परन्तु वह दानी दान के समय याचक की ओर न देखकर नीचे की ओर देखता रहता था। एक भिक्षुक ने जाकर दान माँगा। दाता ने उसे दान दे दिया। भिक्षुक ने फिर स्वर बदल कर माँगा। दाता ने दे दिया। तब याचक ने तीसरी और चौथी बार भी इसी तरह माँगा, दाता ने दे दिया। तब भिक्षुक बोला कि मैंने आपसे वाणी का स्वर बदल-बदल कर चार बार दान ले लिया और आपको ज्ञात नहीं हुआ। आप ऊपर दृष्टि क्यों नहीं रखते? यह सुनकर दाता ने मुस्कुराकर कहा- भाई दान देते समय मैं दृष्टि ऊपर नहीं कर सकता क्योंकि-

**देने वाला और है, देता है दिन रैन।**
**लोग भरम मुझ पर करे ताते नीचे नैन।।**

विश्व का इतिहास साक्षी है कि जिसने भी गर्व किया है उसका गर्व अनिवार्य रूप से खंडित हुआ है। कौरव, दुर्योधन, कंस, रावण, नेपोलियन, हिटलर आदि जितने भी अहंकारी पुरुष हुए हैं। उनका अहंकार चिरस्थायी नहीं रहा।

**आणानिद्देसकरे, गुरुणमुववायकारए।**
**इंगियागारसंपन्ने, सेविणीए त्ति वुच्चई।।** (उ० सू०, अ.१, गा.-२)

जो गुरुओं की आज्ञा का पालन करने वाला हो, गुरुओं के समीप बैठने वाला हो, उनके कार्य को करने तथा उनके इंगित और आकार को भली प्रकार जानने वाला हो, वह शिष्य विनयवान् कहा जाता है।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस गाथा में विनय-धर्म का स्वरूप उसके आधारभूत धर्मों के द्वारा प्रतिपादित किया गया है। यहाँ पर विनय-धर्म और विनयवान् शिष्य धर्मी हैं। अतः धर्म धर्मी का अभेद मानकर शिष्य के कर्त्तव्य का जो वर्णन है वही विनय-धर्म का स्वरूप समझना चाहिये।

विनय धर्म रूप कल्पवृक्ष के पोषण की मूल सामग्री आगमविहित आचार के सम्यग् अनुष्ठान में ही निहित है। जिस प्रकार जल सिंचन क्रियाओं से वृद्धि को प्राप्त होता हुआ उत्तम वृक्ष अपनी छाया और फल पुष्पादि से पथिक जनों के लिये एक अपूर्व विश्रान्ति का स्थान बन जाता है, ठीक इसी प्रकार शास्त्रानुसार आचरण में लाई जाने वाली विनय धर्म सम्बन्धी क्रियाएँ भी आत्मा के ज्ञान, दर्शन और चारित्र रूप स्वाभाविक गुणों में चमत्कारपूर्ण एक लोकोत्तर उत्कर्ष पैदा करके उसे विश्व विश्रान्ति का पूर्ण धाम बना देती है।

उत्तराध्ययनसूत्र में विनय के निम्नलिखित भेद-प्रभेद किये गए है।

उदाहरणार्थ दो भेद- १. लौकिक विनय २. लोकोत्तर विनय।

चार भेद- (१-३) ज्ञान-दर्शन-चारित्र विनय ४. लोकोपचार विनय।

सात भेद- १. ज्ञानविनय २. दर्शनविनय ३. चारित्रविनय ४. मनविनय ५. वचन विनय ६. काय विनय ७. लोकोपचार विनय।

विनय के अनुष्ठान की विधि।

**निस्सन्ते सियामुहरी, बुद्धाणं अन्तिए सया।**
**अट्ठजुत्ताणि सिक्खज्जा, निरट्ठाणि उ वज्जए।।**

विनम्र शिष्य का धर्म है कि वह सदा शान्त रहे, कभी क्रोध न करे, बिना विचार किये कभी न बोले, आचार्यों के समीप रहकर परमार्थ साधक तात्त्विक पदार्थों की शिक्षा ग्रहण करे और परमार्थशून्य कार्य में अमूल्य समय को न खोएँ।

बुद्धिमान शिष्य तो गुरुजनों के सहज कठोर शासन को भी पुत्र, भ्राता और सम्बन्धी जनों के शासन के समान हितकर समझता है और अविनीत शिष्य उसे दास को दी जाने वाली कठोर शिक्षा के समान अहितकर समझता है। इस सारे कथन का अभिप्राय यह है कि गुरुजनों के शासन करने पर बुद्धिमान शिष्य अपने मन में विचार करता है कि पिता हितबुद्धि से ही पुत्र को शिक्षा देता है। भाई इसीलिये भाई को समझाने बुझाने की चेष्टा करता है कि भाई के लिये उसके हृदय में स्नेह-सरिता की ऊर्मियाँ लहरा रही है। एक सम्बन्धी का अपने दूसरे सम्बन्धी को बोध देना भी उसके आन्तरिक स्नेह का ही द्योतक है। इसी प्रकार गुरुजनों का जो मेरे लिये यह सहज कठोर शासन है इसमें भी इनकी कृपामयी हितकामना ही काम कर रही है। इसलिये गुरुजन जो कुछ भी कहते सुनते हैं वह मेरे ही भले के लिये है, इसमें इनका कोई स्वार्थ नहीं है। ऐसा विचार कर बुद्धिमान शिष्य गुरुजनों की इच्छानुकूल आचरण करते हुए अपनी आत्मा को मोक्षमार्ग का दृढ पथिक बना लेता है। जो पापदृष्टि मूर्ख शिष्य है उनका विचार इससे सर्वथा विपरीत होते हैं। वह गुरुजनों के शासन को हितकर एवं कल्याणप्रद समझने के बदले उसको एक निकृष्ट प्रकार की भर्त्सना मानता है। उसके हृदय पर गुरुजनों के अनुशासन का विपरीत प्रभाव पड़ने से वह अपनी आत्मा में इस प्रकार का कुविचार उत्पन्न करता है कि इन गुरुओं का अब मेरे ऊपर बिल्कुल स्नेह नहीं रहा। ये तो स्नेह के बदले मेरे ऊपर अब द्वेष ही रखने लगे हैं। इसीलिये ये रात-दिन मुझे कोसते रहते हैं। मेरे साथ इनका जो व्यवहार है वह बहुत ही तुच्छ है। इनकी दृष्टि में मैं एक तुच्छ दास तुल्य हूँ। जैसे कठोर हृदय वाले मालिक को अपने नौकर पर दया नहीं आती। इसीलिये वह उसके छोटे से अपराध पर भी आपे से बाहर होकर उसे कठोर ताड़ना करने लग जाता है, इसीप्रकार इनके हृदय में भी मेरे ऊपर किसी प्रकार की करुणा नहीं है। इनकी कठोर शिक्षा अब मुझसे सहन नहीं होती। इसप्रकार की विपरीत भावनाओं से वह मूर्ख शिष्य अपनी आत्मा को मलिन करता हुआ उसे सन्मार्ग की ओर ले जाने के बदले कुमार्ग का ही यात्री बना देता है।

यहाँ भी विचारभेद या दृष्टिभेद ही काम कर रहा है। विनीत शिष्य ने गुरुजनों के शासन में रही हुई उनकी आन्तरिक हितकामना को परख लिया है और अविनीत शिष्य को गुरुजनों के शासन में काम करने वाली हितकामना का आभास नहीं होता। इसलिये फलश्रुति में भी विभिन्नता दृष्टिगोचर होती है। विनीत को तो वह शिक्षा मोक्षमार्ग का पथिक बनाती है और अविनीत को वह भारी कर्मबन्ध का हेतु बना देती है, यही अध्यवसाय मनोगत विचार भेद की विचित्रता है।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परम श्रद्धेय राष्ट्रसंत आचार्यप्रवरश्री पद्मसागरसूरीश्वरजी महाराजा आदि श्रमण भगवन्तों का संभवित विहार कार्यक्रम

## कोबा - राजकोट - महुडी - तारंगा - कोबा

### कोबा से राजकोट

| गाँव/शहर | कि.मी. | दिनांक |
|---|---|---|
| अंकुर | १३ | १८-१२-१२ |
| प्रहलादनगर | - | १९-१२-१२ |
| गोधावी | - | २०-१२-१२ |
| साणंद | - | २१-२२-१२-१२ |
| पंकज फेकटरी | ८ (सुबह) | २३-१२-१२ |
| छारोडी | ७ (शाम) | २३-१२-१२ |
| नवीन शणगारधाम | १० | २४-१२-१२ |
| जखवाडा | ११ | २५-१२-१२ |
| विट्ठलगढ | १५ (सुबह) | २६-१२-१२ |
| छारद | ७ (शाम) | २६-१२-१२ |
| लखतर | १९ | २७-१२-१२ |
| विनय वाटीका | १४ | २८-१२-१२ |
| सुरेन्द्रनगर | ८ | २९-१२-१२ से १-०१-१३ तक |
| रोनक फेकटरी | १२ (सुबह) | २-०१-१३ |
| सोमासर | ७ (सुबह) | ३-०१-१३ |
| डोलीया | ११ (शाम) | ३-०१-१३ |
| मुरलीधर होटल | १६ (सुबह) | ४-०१-१३ |
| चोटीला | ८ (शाम) | ५-०१-१३ |
| महावीरपुरम् | ११ (सुबह) | ६-०१-१३ |
| बंटी | ६ (शाम) | ६-०१-१३ |
| त्रिमंदिर | ११ | ७-०१-१३ |
| राजकोट जैन संघ में | १३ | ८-०१-१३ से २८-०१-१३ तक |

### राजकोट से महुडी, महुडी से तारंगा व तारंगा से कोबा

| गाँव/शहर | कि.मी. | दिनांक |
|---|---|---|
| त्रिमंदिर | १३ (सुबह) | २८-०१-१३ |
| बंटी | ११ (शाम) | २८-०१-१३ |
| महावीरपुरम् | १४ (सुबह) | २९-०१-१३ |
| चोटीला | ११ (शाम) | २९-०१-१३ |
| सायर | १३ (सुबह) | ३०-०१-१३ |
| डोलीया | ८ (शाम) | ३०-०१-१३ |
| रोनक फेकटरी | १९ | ३१-०१-१३ |
| विनय वाटीका | १९ | १-०२-१३ |
| लखतर | १४ (सुबह) | २-०२-१३ |
| छारद | ७ (शाम) | २-०२-१३ |
| विट्ठलगढ | १९ (सुबह) | ३-०२-१३ |
| विट्ठलपरा | ९ (शाम) | ३-०२-१३ |
| विरमगाम | ६ | ४-०२-१३ |
| सचाणा | १८ | ५-०२-१३ |
| खावड | १७ | ६-०२-१३ |
| मेडा आदरज | १३ | ७-०२-१३ |
| कलोल | १२ (शाम) | ८-०२-१३ |
| माणसा | २३ (सुबह) | ९-०२-१३ |
| लोद्रा | ६ (शाम) | ९-०२-१३ |
| महुडी | १२ | १० से १३-०२-१३ |
| संघपुर | ४ | १४-०२-१३ |
| नवा फूंदेडा | १९ (सुबह) | १५-०२-१३ |
| रामपुर | ४ (शाम) | १५-०२-१३ |
| वलासणा | १६ | १६-०२-१३ |
| गणेशपुर | १५ | १७-०२-१३ |
| तारंगा तलेटी | १५ | १८ से २०-०२-१३ तक |
| गणेशपुर | १५ | २१-०२-१३ |
| वलासणा | १५ | २२-०२-१३ |
| शोभासणा | ८ | २२-०२-१३ |
| आगलोड | ८ | २३-०२-१३ |
| विजापुर | - | २४-०२-१३ |
| लोद्रा | - | २५-०२-१३ |
| पुनीतधाम | ११ | २६-०२-१३ |
| गांधीनगर बोरीज | १४ | २७-०२-१३ |
| कोबा | १३ | २८-०२-१३ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મની રક્ષા કાજે

**સ્વ. રતિલાલ મફાભાઈ શાહ (માંડલવાળા)**

**(ગતાંકથી આગળ)**

'આપણે તો શું દુઃખ વેઠ્યું છે! કયા ઉપસર્ગો-પરિષહો સહ્યાં છે! આપણે તો ભગવાન મહાવીરના શાસનના બાંધેલા રાજમાર્ગ પરથી જ જવાનું છે, ભવ્ય ધર્માગારોમાં રહેવાનું છે, ગૌચરી પણ વિના કષ્ટે પ્રાપ્ત થયે જાય છે, વસ્ત્રો પણ જરૂર પ્રમાણે મળી રહે છે, આપણે તો એ વીર મુનિઓએ પાયાના પથ્થર બની ઉભી કરેલી મહેલાતોમાં માણવાનું છે. ત્યાં એક દિવસ પણ જો આપત્તિ સહન ન કરીએ અને એ ભવ્ય ઈમારતનું રક્ષણ કરવામાં કાયર સાબિત થઈએ તો ભવિષ્યની પેઢીઓ આપણા પર શાપ વરસાવશે ને આપણે બતાવેલી આળસ ને કાયરતા માટે એ આપણું નામ લેતાં પણ લજવાશે. જરા વિચાર તો કરો, ભગવાન મહાવીરે વહાવેલું પરમ સત્યનું મંગલ ઝરણું, જે મગધ અને મગધની આજુબાજુના દેશો પૂરતું જ વ્યાપ્ત હતું, એ સ્રોતને અભેદ્ય પહાડો વીંધી, ગાઢ જંગલો પાર કરી, સમગ્ર ભારતના ખૂણે ખૂણે જેમણે વહેતું કર્યું છે, ઘરે ઘરે જેમણે ભગવાનનો અમર સંદેશ પહોંચતો કર્યો છે, જ્યાં લોકો અજ્ઞાન, મ્લેચ્છ અને ધર્મથી અજાણ હતા તેવા પ્રદેશો પણ જે ખૂંદી વળ્યા છે, એ મુનિઓ કેવા વીર હશે? એમનામાં કેટલી દૃઢતા, કેટલું ધૈર્ય અને શાસનને ખાતર મરી ફીટવાની કેટલી તમન્ના હશે? જ્યાં ન મળે આહાર-પાણી, ન મળે રહેવા જગ્યા કે ન મળે પહેરવા ફાટેલું વસ્ત્ર, ઉપરથી સંયમધર્મના પાલનનો પૂરો આગ્રહ આવી સ્થિતિમાં અનાર્ય-જંગલી પ્રદેશોમાં વાસ કરવો, એટલું જ નહીં, એ જંગલી લોકોનાં હૃદયમાં પણ વાસ મેળવી એમને ધર્મ પમાડવો, એ માટે એમણે કેવા કેવા ભગીરથ પુરુષાર્થો ખેડ્યા હશે? એ માટે એમને અનેક વખત આહારપાણી વિના અને ઊંઘ કે આરામ વિના પણ ચલાવવું પડ્યું હશે; ગાઢ અરણ્યોમાં સૂવું પડ્યું હશે; ટાઢ-તડકામાં ભટકવું પડ્યું હશે અને આજની જેમ અનેકવાર વરસતા વરસાદમાં ઝાડ નીચે ઠૂંઠવાઈને પણ બેસી રહેવું પડ્યું હશે.

'એમની એ ભવ્ય તપશ્ચર્યા અને એમના એ આદર્શ બલિદાનના ફળરૂપે જ આપણને આજે અનેક ભવ્ય મંદિરો, વિશાળ ધર્માગારો તથા સંગઠિત સંઘશક્તિનો ભવ્ય વારસો પ્રાપ્ત થયો છે, એ ન ભૂલશો.'

'એમણે જો ધાર્યું હોત તો મગધમાં જ એ સુખેથી રહી શકતા હતા. ત્યાં અન્ન-વસ્ત્રનો તોટો નહોતો, પણ એમનામાં ભગવાન મહાવીરના અમર સંદેશને ઘેર ઘેર પ્રસારિત કરવાની તીવ્ર લગની હતી, અદમ્ય ઉત્સાહ હતો અને તેથી જ એ આપણા માટે સુખ અને આરામ મૂકતા ગયા છે. જો આપણે એમણે ઊભી કરેલી એ ભવ્ય ઈમારતના સમારકામ જેટલું પણ નહીં કરી છૂટીએ તો ભાવી પેઢી માટે આપણે કયો વારસો મૂકી જશું?'

આ પ્રમાણે સૂરિજીની મેઘગંભીર વાણીએ શિષ્યોમાં અજબ બળ પૂર્યું, અદમ્ય ઉત્સાહ ભર્યો, એમના હૃદયને લોખંડી બનાવી દીધું અને સહુમાં કોઈ દૈવી તાકાતનો સંચાર કર્યો. મુનિઓએ ફરી તાજગી મેળવી દ્વિગુણિત ઉત્સાહથી પ્રભાત થતાં કૂચ શરૂ કરી દીધી.

વચમાં એક ભવ્ય ગુફાનાં દર્શન થયાં. શિષ્યોની ઈચ્છાથી ગુરુએ નિહાળવા માટે સૌની સાથે એ તરફ વળ્યા. પણ માણસોનો પગરવ સાંભળી ગુફામાં આશ્રય લઈ પડેલાં વાઘ-વાઘણ પોતાનાં બચ્ચાં સાથે બહાર આવ્યાં. પણ જેઓ શાસન હિતને કાજે સર્વ પ્રકારની આપત્તિઓને આવાહન આપનારા હતા એમને ડર ક્યાંથી હોય? અને જેને ડર નથી એને એ પશુઓ ડરાવી પણ કેમ શકે? મુનિઓની નિર્ભયતા તથા આંખમાંથી નીતરતું પ્રેમનું અમૃત જોઈ વાઘ-વાઘણ પણ ઘડીભર સ્થિર બની એમને જોઈ રહ્યાં, ને પછી જંગલમાં ક્યાંક ચાલ્યાં ગયાં!

ગુફા જોઈ મુનિઓ પાછા વળ્યા. પણ ત્યારે આકાશ ઘેરાતું હતું, અંધકાર વધી રહ્યો હતો, કડાકા થતા હતા અને વિજળી પણ ચમકારા મારી જાણે હસી રહી હતી. પણ મુનિઓએ એ તરફ લક્ષ ન આપ્યું. પણ થોડે દૂર ગયા ન ગયા ત્યાં તો ધોધમાર વરસાદ શરૂ થયો; ભૂમિ જળબંબાકાર બની ગઈ. રસ્તો સૂઝે નહિ. અંધારું પણ ખૂબ વધી રહ્યું હતું, જેથી પાછા ફરી ગુફામાં આશ્રય લેવો પડ્યો. અને તે પણ એક દિવસ માટે નહીં, પણ લાગલાગટ ત્રણ દિવસ સુધી ત્યાં પુરાઈ રહેવું પડ્યું; અને તે પણ ભૂખ્યાતરસ્યા રહીને, ઠંડીમાં કાંપતા રહીને!

ચોથે દિવસે આકાશ ખુલ્લું થયું. બાળસૂર્યનાં તેજસ્વી કિરણોથી જંગલ ઝળહળવા લાગ્યું. કૂચ શરૂ કરવાનો ત્યારે આદેશ અપાયો, પણ બે મુનિઓ ત્યારે સખ્ત શરદીમાં ઝડપાયા હતા. તાવ પણ પૂરો ભરાયો હતો. સૂરિજી હવે શું કરવું એની વિમાસણમાં પડ્યા. જોકે એ વીર મુનિઓએ તો વીરતાભરી રીતે પોતાને મૂકી કૂચ શરૂ કરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવાનું જ સૂચવ્યું; અને સાથોસાથ ત્રણ ત્રણ દિવસના ઉપવાસી મુનિઓમાંથી કોઈને પણ ન રોકવાનો આગ્રહ કર્યો. આવી ઉપાધિ વચ્ચે પ્રસંગ આવે અનશન આદરી લેવાની હિંમત અને વીરતા બતાવીને કોઈને પણ પોતાને ખાતર મુશ્કેલીમાં ન મૂકવાનો આગ્રહ ચાલુ રાખ્યો. ત્યારે ગુરુને પોતાના આવા શાસનભક્ત મુનિઓ માટે માન-ગૌરવ પેદા થયું ને એમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી.

એમને છોડીને જતાં સૂરિજીનો જીવ ચાલતો નહોતો; બીજી બાજુ ધર્મકૂચ શરૂ કર્યા વિના પણ છૂટકો નહોતો. એક યુવાન સાધુએ ત્યાં એ બન્ને ગ્લાન મુનિઓ સાથે રહેવાની ગુરુ પાસે આજ્ઞા માગી. ગુરુ એ ત્રણે શિષ્યોને આશીર્વાદ આપી, ભારે હૈયે ચાલી નીકળ્યા.

કૂચ તો આગળ વધી રહી હતી ને હવે મુનિઓએ વિજયનગરના રાજ્યની હદમાં પણ પ્રવેશ કર્યો હતો. પણ આ પ્રથમ પ્રવેશ વેળાએ જ, જાણે અમંગળ થવાનું હોય એમ, રાતદિવસની દોડ, શ્રમ અને આપત્તિઓથી એક મુનિનું શરીર તૂટી રહ્યું હતું. છતાં પૂર્ણ ઉત્સાહથી દૃઢ સંકલ્પ સાથે એ સહુની આગળ દોડચે જતા હતા. પણ હવે એમની શક્તિ તૂટી રહી હતી. લોહીના છેલ્લા બિંદુમાં તાકાત રહી ત્યાં સુધી એ દોડ્યા, પણ પછી એકદમ ઢગલો થઈને ધરતી પર ઢળી પડ્યા. સૂરિજીએ સ્વહસ્તે એમનું શિર ખોળામાં લઈ પવન કર્યો; પણ સહુને છેલ્લી વંદના કરી એ મુનિવરે પણ સદાને માટે આંખો ઢાળી દીધી.

'હજુ મારે આવાં કેટકેટલાં બલિદાનો જોવાનાં લખ્યાં હશે?' -એ વિચારે સૂરિજીની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. એક બાજુ શાસનહિતને કાજે આવાં બલિદાનો આપનારા એ વીર મુનિઓને હૃદય પ્રશંસી રહ્યું હતું; પણ બીજી બાજુ હૈયાને કઠણ કર્યા વિના છૂટકો પણ નહોતો, જેથી એક શિષ્યને ત્યાં રોકી ગુરુએ કૂચ આગળ વધારી.

પણ પછી તો જેમ જેમ એ કૂચ વિજયનગર તરફ વધવા લાગી તેમ તેમ જૈન સંઘોની હિલચાલ પણ વધવા લાગી. જૈનેતર જનતામાં પણ નવી નવી કાલ્પનિક વાતો વહેતી થઈ હતી. સૂરિજી અને એમના મુનિસંઘની આ ધર્મકૂચ જનતામાં ભારે કુતૂહલનો વિષય થઈ પડી હતી. હવે તો મહારાજા બુક્કારાય પાસે પણ કેટલીક વાતો પહોંચી ગઈ હતી.

આમ એક બાજુ જૈનસંઘમાં ઉત્સાહ પ્રવર્તતો હતો. નજીકના અનેક પંડિતો, મુનિઓ તથા શાસ્ત્રજાણ શ્રમણોપાસકો પણ ત્યાં એકત્ર થયા હતા. બીજી બાજુ જૈનસંઘની તૈયારી જોઈ વિરોધીઓ સળગવા લાગ્યા, જેથી એમણે એક ષડ્યંત્ર રચી સૂરિજીને આવતા રોકવાનો દાવ ખેલ્યો અને તે મુજબ શાસ્ત્રચર્ચાની તિથિના બે દિવસ પહેલાં જ એક નાના ગામમાંથી સુરિજી બાકીના મુનિઓ સાથે નીકળ્યા ત્યારે વિરોધીઓએ એમનો પીછો પકડ્યો. એમની સાથે ધર્મકૂચમાં હવે દસ-પંદર શ્રમણોપાસકો પણ જોડાયા હતા. એથી વિરોધીઓને લાગ ફાવતો નહોતો, ને હવે તો વિજયનગર ફક્ત આઠ જ ગાઉ દૂર હતું, એથી એ અકળાતા હતા.

પણ બે ગામની વચ્ચે થોડો સમય સૂરિજીને એકલા પડેલા જોઈને વિરોધીઓ એમને પકડી ગયા; અને એમના મોંમાં ડુચો મારીને એમને બીજી જ દિશાના ગામમાં ઝાંપે આવેલા એક મકાનમાં પૂરી દીધા.

સાથેના મુનિઓએ થોડીવાર ગુરુજીની રાહ જોઈ, પણ ગુરુજી ન દેખાયા એટલે મુનિઓ અધીરા બની ગયા. તપાસ કરવા શ્રાવકોને એમણે આમતેમ મોકલ્યા, પણ ગુરુજીનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. મુનિઓ ગભરાઈ ઊઠ્યા. શ્રાવકોને ચારેકોર દોડાવ્યા, ખૂબ ખૂબ તપાસ કરી, પણ કશા જ સમાચાર મળ્યા નહિ.

તરત જ આજુબાજુનાં ગામોના શ્રાવકોને તથા વિજયનગરના સંઘને ખબર પહોંચાડવા માણસો દોડાવ્યા, પણ વિરોધીઓની જાળથી એ સમાચાર પહોંચી જ ન શક્યા. આટઆટલાં કષ્ટો પછી હાથવેંતમાં જણાતી સિદ્ધિ આમ ચાલી જવાથી એ મુનિઓએ જે હૃદયવ્યથા ભોગવી એની તો કલ્પના પણ થઈ શકે તેમ ન હતી. મુનિઓને નજીકના ગામે લઈ જવામાં આવ્યા, પણ તેમણે તો ગુરુ વિના ઉપવાસ જ આદર્યા.

અષાઢ સુદી બીજનું પ્રભાત ઊગ્યું. જૈનોમાં આજે ઉત્સાહનો પાર નહોતો. આખું નગર એમણે રાતના ઉજાગરા કરી શણગાર્યું હતું. ગામના ઉત્તર દરવાજે બાળક-બુઢ્ઢા, સ્ત્રીઓ વગેરે આખો સંઘ ઊભરાયો હતો. આંખો ખેંચી ખેંચીને એ સૂરિજીની પ્રતીક્ષા કરતો ક્ષિતિજ ભણી જોઈ રહ્યો હતો. પણ સમય થઈ જવા છતાંય સૂરિજી ન પધાર્યા. સૂરિજી ગૂમ થયાના ખબર હજુ એમને નહોતા મળ્યા. વળી આજે બપોરે રાજસભામાં શાસ્ત્રચર્ચા પણ નક્કી શરૂ થવાની હતી, જેથી જેમ જેમ સમય વધવા લાગ્યો તેમ તેમ સંઘ અધીરો બન્યો, પણ કરે શું? ત્યાં તો ગુરુજી ક્યાંક ગૂમ થયાના સમાચાર બધે પહોંચી ગયા. આ સમાચારથી સંઘની એકેએક વ્યક્તિ હતાશ બની ગઈ, ભયભીત થઈ ગઈ. એમને મોઢે આવ્યો કોળિયો ઝડપાઈ ગયા જેવું લાગ્યું!

**(વધુ આવતા અંકે)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અચલગચ્છાચાર્ય શ્રીમાણિક્યસુંદરસૂરિ મ. સા. રચિતા શ્રીગુણવર્માચરિત્રાન્તર્ગતા સત્તરભેદિપૂજાકથા - એક પરિચય

ડૉ. મિલિન્દ સનત્કુમાર જોષી

આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં અચલગચ્છમાં પૂ. આચાર્ય ભગવંત શ્રીમાણિક્યસુંદરસૂરિ મ. સા. થયા. જે ખૂબ જ વિદ્વાન્ અને પ્રતિભાસંપન્ન હતા. જેમણે ઘણાં ગ્રન્થો રચ્યા છે. તેમનો સમય આશરે ઈ. સ. ૧૩૭૪ - ઈ. સ. ૧૪૪૪ માની શકાય. તેઓને ઈ. સ. ૧૪૦૬માં સૂરિની પદવી મળી હતી અને આ કાર્યક્રમ તેજા શાહ નામના વ્યક્તિએ ખંભાતમાં કર્યો હતો. તેઓ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ હતા અને વિદ્વાન્ પંડિત જયશેખરના શિષ્ય હતા. વ્યાકરણ, સાહિત્ય, પિંગળશાસ્ત્ર, કાવ્ય, જ્યોતિષ, આગમ, યોગ, વગેરે શાસ્ત્રોમાં તેઓ પ્રવીણ હતા. શ્રીધરચરિતકાવ્યમાં તેમણે તેમના બીજા ગુરુ 'જયશેખરસૂરિ'નો ઉલ્લેખ કર્યો છે. તેમના ગુરુ ભ્રાતા 'જયકીર્તિસૂરિ' હતા. તેમના દ્વારા પાંચ રચનાઓ કરવામાં આવી હતી - (૧) આવશ્યકનિર્યુક્તિદીપિકા, (૨) દશવૈકાલિકનિર્યુક્તિદીપિકા, (૩) પિંડનિર્યુક્તિદીપિકા, (૪) ઉત્તરાધ્યયનદીપિકા અને (૫) આચારદીપિકા.

શ્રીમાણિક્યસુંદરસૂરિ મ. સા. ના કેટલાક પ્રસિદ્ધ શિષ્યો આ પ્રમાણે છે - (૧) ઉપાધ્યાય ધર્માનંદગણિ મ. સા. (૨) વાચક શ્રીકીર્તિસાગરજી મ. સા., (૩) વાચક શ્રીરાજકીર્તિગણિ મ. સા., વગેરે.

શ્રીમાણિક્યસુંદરસૂરિ વિરચિત ૧૪ રચનાઓ આ પ્રમાણે છે -

૧. શ્રીધરચરિત્ર - આ એક મહાકાવ્ય છે. તેમાં નવ સર્ગ અને ૧૬૮૫ શ્લોક છે. ઈ. સ. ૧૪૦૭માં આની રચના થઈ.

૨. શ્રીધરચરિત્રમહાકાવ્ય સ્વોપજ્ઞદુર્ગપદવ્યાખ્યા - ઈ. સ. ૧૪૩૨માં તેમણે પોતાની રચના પર ટીકા પાટણ મુકામે લખી.

૩. શ્રીચતુઃપર્વચંપૂ - આ રચનામાં ચાર પર્વોની વાતકરવામાં આવી છે.

૪. શ્રીગુણવર્માચરિત્ર અથવા સત્તરભેદિપૂજાકથા - તેમણે આ રચના ઈ. સ. ૧૪૨૮માં સાચોર મુકામે કરી હતી.

૫. શ્રીશુક્રરાજકથા - આ રચનામાં ૫૦૦ શ્લોકો છે.

૬. શ્રીમહાબલ-મલયસુંદરીકથા - આ રચનાને ચાર ખંડમાં વિભાજિત કરવામાં આવી છે.

૭. ચન્દ્રધવલધૂપ ધર્મદત્તકથા - આ રચનામાં ગદ્ય પદ્ય મિશ્ર છે. આ ગ્રન્થની રચના અતિથિસંવિભાગ્ય વિષય પર કરવામાં આવી છે.

૮. શ્રીપૃથ્વીચન્દ્રચરિત્ર અથવા વાગ્વિચાર - આ ગ્રન્થની રચના ગુજરાતી ભાષામાં કરવામાં આવી છે. તેમાં પાંચ ઉલ્લાસ અને ૯૫૯ શ્લોક છે. તેની રચના ઈ. સ. ૧૪૨૨માં કરી હતી.

૯. શ્રીનેમીશ્વરચરિત્ર ફાગબંધ - આ રચના ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં કરવામાં આવી છે. તેમાં ૯૧ શ્લોક છે.

૧૦. શ્રીસિંહસેનકથા - આ રચના સંસ્કૃતમાં છે અને તેમાં ગદ્ય-પદ્ય મિશ્ર છે.

૧૧. શ્રીજાપુત્રકથાનકચરિત્ર - આ રચના સંસ્કૃતમાં છે.

૧૨. શ્રીશિંહાવલોક ઋષભજિનસ્તોત્ર - આ સ્તોત્રમાં તેમણે પોતાના ગુરુ 'જયશેખરસૂરિ'નો ઉલ્લેખ કર્યો છે.

૧૩. શ્રીવિચારસારસ્તવન - આ રચનામાં ૨૨ શ્લોક છે અને

૧૪. પાર્શ્વજિનસ્તવન

શ્રીપૃથ્વીચન્દ્રચરિત્ર અથવા વાગ્વિચાર અને ગુજરાતી વિશ્વકોશ[૧] અનુસાર ચૌદમી સદીના અંતભાગની ગુજરાતી ગદ્યકથા છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં સુંદર ગદ્યકથાનકો મળે છે. સંસ્કૃત ભાષામાં કથા, આખ્યાયિકા, ચંપૂ વગેરે અનેક ભેદ પણ મળે છે, પણ અપભ્રંશ પછીની લોકભાષાઓમાં એ પ્રકારનો કોઈ પણ જાતનો વિકાસ થયો નથી, માત્ર સોગંદ ખાવા પૂરતી મધ્યકાલીન ગુજરાતીમાં એક ગદ્યકથા મળે છે, જેને સાચા સ્વરૂપમાં ગદ્યકથા કહી શકાય. અનેક વિસ્તૃત બાલાવબોધ જરૂર મળે છે, પણ વાર્તાઓવાળાં સંસ્કૃત-પ્રાકૃત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતિઓનાં વિવરણ પ્રકારના એ ગદ્યગ્રંથો છે, જ્યારે આ તો કથા જ છે.

ગુજરાતી વિશ્વ કોશમાં શ્રી પૃથ્વીચંદ્રચરિત્ર વિશે મળતી નોંધમાં એમના વિશે થોડી વિગતો પ્રાપ્ત થાય છે. ચૌદમી સદીના અંતભાગમાં ત્રિભુવનદીપક-પ્રબંધના કર્તા અચલગચ્છીય જયશેખરસૂરિના એક શિષ્ય માણિક્યસુંદરસૂરિ દ્વારા પૃથ્વીચન્દ્ર ચરિત રચાઈ છે. ગુરુનો સમય સં. ૧૪૦૦થી ૧૪૬૨ (ઈ. સ. ૧૩૪૪ થી ઈ. સ. ૧૪૦૬) નિશ્ચિત છે એટલે માણિક્યસુંદરસૂરિનો સમય ઈ. સ. ચૌદમી સદીનો ઉત્તરાર્ધ હોઈ શકે. બેશક, આ કથાની પ્રાપ્ય પોથીના અંતભાગમાં લહિયાએ સં. ૧૪૭૮ (ઈ. સ. ૧૪૨૨)ના શ્રાવણ સુદિ ૫ ને રવિવાર આપેલ છે એટલે કર્તાનો સમય એ કે એ પહેલાંનો કહી શકાય એમ છે.

## ગ્રંથ પરિચય

ગુણવર્માચરિત્ર જેમાં ૧૭પૂજાના પ્રકાર છે તે ૧૭ કથાઓ વિસ્તૃતરીતે વર્ણન કરવામાં આવી છે. તે આ મુજબ છે - (૧) શ્રીસ્નાત્રપૂજાકથા, (૨) શ્રીવિલેપનપૂજાકથા, (૩) શ્રીવસ્ત્રપૂજાકથા, (૪) શ્રીવાસક્ષેપપૂજાકથા, (૫) શ્રીપુષ્પપૂજાકથા, (૬) શ્રીમાળાપૂજાકથા, (૭) શ્રીવર્ણપૂજાકથા, (૮) શ્રીકર્પૂરપૂજાકથા, (૯) શ્રીધ્વજારોહણપૂજાકથા, (૧૦) શ્રીઆભૂષણપૂજાકથા, (૧૧) શ્રીપુષ્પગૃહપૂજાકથા, (૧૨) શ્રીપુષ્પપ્રકરપૂજાકથા, (૧૩) શ્રીઅષ્ટમંગલપૂજાકથા, (૧૪) શ્રીધૂપપૂજાકથા, (૧૫) શ્રીગીતપૂજાકથા, (૧૬) શ્રીવાદ્યપૂજાકથા અને (૧૭) શ્રીનાટકપૂજાકથા.

આ સત્તર કથા કુલ ૧૫૩૨ શ્લોકમાં રચાયેલ છે. સત્તરભેદિ પૂજાકથા એ ગુણવર્માચરિત્રનો જ એક ભાગ છે અને તેના કર્તા શ્રીમાણિક્યચંદ્રસૂરિ મ. સા. છે. તેમને અચલગચ્છના શ્રેષ્ઠ સૂરિ માનવામાં આવે છે. આ ગ્રન્થને સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી એમ પાંચ ભાષામાં અને આઠ વિભાગમાં સંકલિત કરાઈ છે. આ ગ્રન્થના સંકલન કર્તા પ. પૂ. મુનિરાજ સર્વોદય સાગરજી મ. સા. અને સંપાદક પ. પૂ. મુનિરાજ ઉદયરત્ન સાગરજી મ. સા. છે. પ્રકાશક શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ, અમલનેર દ્વારા કરવામાં આવ્યું છે.

ગ્રન્થનું મંગલાચરણ ભગવાન પાર્શ્વનાથને પ્રણામ કરીને કર્યું છે.[૨] જેમ પાણી અગ્નિને શાંત કરે છે. તેમ જે ક્રોધરૂપી અગ્નિને શાંત કરે છે. મિથ્યાજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરે છે અને આત્માને શાંતિ આપે છે. તે પાર્શ્વનાથ ભગવાનને હું ભાવથી પ્રણામ કરું છું. શ્રીમાણિક્યસુંદરસૂરિએ સંસારના તાપથી તપેલા લોકોનું હિત કરવાની ઇચ્છાથી સત્તર પ્રકારની પૂજાઓના ફળોને નિવેદન કરવાવાળી સત્તર કથાઓ લખી પાર્શ્વનાથ ભગવાનને વંદન કરીને અને ગુરુને હૃદયમાં ધરીને હું તે કથાઓમાંથી એક-એક કથા લોકોના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી કહું છું. કથાનો સાર જાણીને જિનેશ્વરપૂજા કરવી જોઈએ.

**શ્રીસ્નાત્રપૂજાકથા** - શ્રીસ્નાત્રપૂજાકથામાં કુલ ૫૯ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્, છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને સ્નાત્ર કરાવવાની વિધિ જણાવવામાં આવી છે. આ કથામાં જણાવવામાં આવ્યું છે કે ભક્ત જો શ્રદ્ધાપૂર્વક સ્નાત્રપૂજા કરે તો યોગ્યસમયે વરસાદ વરસે છે, તે રાજ્યમાં દુષ્કાળ થતો નથી અને ગ્રીષ્મઋતુમાં મનુષ્યોની તૃષાને શાંત કરે છે. અર્થાત્ પાણીની ક્યારેય પણ અછત થતી નથી.

**શ્રીવિલેપનપૂજાકથા** - શ્રીવિલેનપૂજાકથામાં કુલ ૭૫ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને વિલેપન કરવાની પૂજાની વિધિ જણાવવામાં આવી છે. ભક્ત જો શ્રદ્ધાપૂર્વક ચંદન વડે જિનેશ્વરની પૂજા કરે તો તેના રોગોનો નાશ થાય છે. તેના શરીરમાંથી દુર્ગંધ દૂર થાય છે અને તેજોમય બને છે.

**શ્રીવસ્ત્રપૂજાકથા** - શ્રીવસ્ત્રપૂજાકથામાં કુલ ૬૪ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને વસ્ત્ર અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. શ્રદ્ધા પૂર્વક જિનેશ્વરપ્રભુને બે વસ્ત્રો અર્પણ કરીએ તો તે આપણને જ્યારે જરૂર હોય ત્યારે બક્ષિસના રૂપમાં દિવ્ય વસ્ત્રો આપે છે.

**શ્રીવાસક્ષેપપૂજા કથા** - શ્રીવાસક્ષેપપૂજાકથામાં કુલ ૬૮ શ્લોક છે. તેમાં ૧ થી ૬૭ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે અને ૬૮માં શ્લોક વસંતતિલકા છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને વાસક્ષેપ અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. જિનેશ્વરપ્રભુની જો વાસક્ષેપથી શ્રદ્ધા અને ભક્તિ પૂર્વકપૂજા કરીએ તો મનુષ્યોના વિઘ્નો દૂર થઈ રાજ્યની પ્રાપ્તિ થાય છે.

**શ્રીપુષ્પપૂજાકથા** - શ્રીપુષ્પપૂજાકથામાં કુલ ૭૮ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેશ્વરપ્રભુને પુષ્પ અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. જો ભક્ત શ્રદ્ધાપૂર્વક જિનેશ્વરપ્રભુને પુષ્પ અર્પણ કરે તો તે મનુષ્યને સારું પ્રારબ્ધ, રાજાશાહીકુળમાં જન્મ, સૌમ્યતા અને કલ્યાણ પ્રાપ્ત થાય છે.

**શ્રીમાળાપૂજાકથા** - શ્રીમાળાપૂજાકથામાં કુલ ૮૦ શ્લોક છે. તેમાં ૩૬મો શ્લોક દોધક છંદમાં છે. એ સિવાયના બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને માળા અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. ભક્ત શ્રદ્ધાપૂર્વક માળા જિનેશ્વરપ્રભુને અર્પણ કરે તો તેનો ઉત્તમકુળમાં જન્મ, સમૃદ્ધ રાજ્યની પ્રાપ્તિ અને આત્માને આનંદ પ્રાપ્ત થાય છે.

**શ્રીવર્ણપૂજાકથા** - શ્રીવર્ણપૂજાકથામાં કુલ ૬૮ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને રંગબેરંગી પુષ્પોથી પૂજન કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ વર્ણપૂજાના ફળસ્વરૂપે સમૃદ્ધરાજ્યની પ્રાપ્તિ અને કૃત્રિમ પુષ્પોને કુદરતી પુષ્પો બનાવવાની શક્તિપ્રાપ્ત થાય છે. શત્રુઓની શક્તિને બિનઅસરકારક બનાવે છે અને મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ થાય છે.

**શ્રીકર્પૂરપૂજાકથા** - શ્રીકર્પૂરપૂજાકથામાં કુલ ૧૨૪ શ્લોક છે. ૧ થી ૧૨૩ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. અંતિમ શ્લોક વસંતતિલકા છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને કર્પૂરપૂજન કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ કર્પૂરપૂજા દ્વારા ભક્ત કુશાગ્ર બુદ્ધિ, સારું પ્રારબ્ધ અને અનંતકાળ સુધી આનંદની પ્રાપ્તિ કરે છે.

**શ્રીધ્વજારોહણપૂજાકથા** - શ્રીધ્વજારોહણપૂજાકથામાં કુલ ૧૨૩ શ્લોક છે. જેમાં ૪૭મો શ્લોક માલિની છંદમાં છે અને ૬૩મો શ્લોક ઉપજાતિ છંદમાં છે. આના સિવાયના બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને ધ્વજારોહણ પૂજન કરવાની વિધિ જણાવવામાં આવી છે. જિનેશ્વરપ્રભુને ભક્ત જો શ્રદ્ધાપૂર્વક ધ્વજા અર્પણ કરે તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય છે અને અષ્ટાપદનું બહુમાન મેળવે છે.

**શ્રીઆભૂષણપૂજાકથા** - શ્રીઆભૂષણપૂજાકથામાં કુલ ૮૨ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને આભૂષણ અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. જિનેશ્વરપ્રભુને આભૂષણથી શણગાર કરે તો ભક્તની સંપત્તિમાં વૃદ્ધિ થાય છે અને દિવ્ય સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

**શ્રીપુષ્પગૃહપૂજાકથા** - શ્રીપુષ્પગૃહપૂજાકથામાં કુલ ૬૪ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને પુષ્પોથી શણગાર કરવાની વિધિ જણાવવામાં આવી છે. જો કોઈ ભક્ત આ પ્રમાણે જિનેશ્વરપ્રભુના શણગાર કરે તો તે ધનવાન બને છે અને વિશાળ રાજ્યને પ્રાપ્ત કરે છે. તેમજ મોટા ઉદ્યાનવાળી સુંદર હવેલી પ્રાપ્ત કરે છે.

**શ્રીપુષ્પપ્રકરપૂજાકથા** - શ્રીપુષ્પપ્રકરપૂજાકથામાં કુલ ૬૮ શ્લોક છે. અંતિમ શ્લોક વસંતતિલકા છંદમાં છે. બાકીના બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને પુષ્પગુચ્છ અથવા પુષ્પના ઢગલાથી પૂજન કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ પુષ્પપ્રકરપૂજા કરવાથી સમૃદ્ધ રાજ્યની પ્રાપ્તિ થાય છે અને પોતાનું કલ્યાણ થાય છે.

**શ્રીઅષ્ટમંગલપૂજાકથા** - શ્રીઅષ્ટમંગલપૂજાકથામાં કુલ ૬૯ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને આઠ પવિત્ર મંત્રો બોલી ચોખા અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ અષ્ટમંગલપૂજા કરવાથી ભક્ત રાજાશાહી કુળમાં જન્મે છે, અખંડ રાજ્યની પ્રાપ્તિ થાય છે તેમજ ઉત્કર્ષની સાથે સાથે ઉત્તમ પત્નીનું સુખ મેળવે છે.

**શ્રીધૂપપૂજાકથા** - શ્રીધૂપપૂજાકથામાં કુલ ૧૦૭ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને ધૂપ કરવાની વિધિ જણાવવામાં આવી છે. જો કોઈ ભક્ત આ ધૂપપૂજા કરે તો તે સમૃદ્ધ રાજ્યની પ્રાપ્તિ કરે છે, કાયા સુગંધિત થાય છે, મન સંતોષી થાય છે અને તે દુર્ગંધને દૂર કરવાને શક્તિમાન થાય છે.

**શ્રીગીતપૂજાકથા** - શ્રીગીતપૂજાકથામાં કુલ ૮૨ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને ગીત અર્પણ કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ ગીતપૂજા કરવાથી રાજાશાહીકુળમાં જન્મ, સમૃદ્ધ રાજ્ય, ગીતકળામાં કુશળ, ગંધર્વમાળાની પ્રાપ્તિ, ઉન્મત્ત હાથીને વશમાં કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે તેમજ સુખ અને શાંતિ મેળવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીવાદ્યપૂજાકથા** - શ્રીવાદ્યપૂજાકથામાં કુલ ૧૫૯ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને વાદ્ય દ્વારા સંગીત સંભળાવવાની વિધિ જણાવવામાં આવી છે. આ વાદ્યપૂજા કરવાથી રાજાશાહીકુળમાં જન્મ, સમૃદ્ધ રાજ્ય તેમજ સંગીત, વાદ્ય વગાડવા માટેની કુશળતા પ્રાપ્ત થાય છે અને સંગીત સમ્રાટ બને છે.

**શ્રીનાટકપૂજાકથા** - શ્રીનાટકપૂજાકથામાં કુલ ૧૬૨ શ્લોક છે અને બધા જ શ્લોક અનુષ્ટુભ્ છંદમાં છે. આ કથામાં જિનેશ્વરપ્રભુને નાટ્ય દ્વારા અર્ચન કરવાની વિધિ જણાવવામાં આવી છે. આ અર્ચન કરવાથી રાજાશાહીકુળમાં જન્મ, સમૃદ્ધ રાજ્ય, ઉત્તમ પ્રકૃતિ તેમજ ઉત્તમ નાટ્યકાર અને ઉત્તમ નૃત્યકાર બને છે.

## ઉપસંહાર

પ્રત્યેક કથામાં નાયક પોતાના પુણ્યકર્મથી અર્થાત્ પૂર્વ જન્મમાં જિનેશ્વરપ્રભુની પૂજા કરવાથી ઉચ્ચકુળમાં અથવા રાજાશાહીકુળમાં જન્મ પ્રાપ્ત કરે છે તેવું દર્શાવવામાં આવ્યું છે. આથી એમ સ્પષ્ટ થાય છે કે જિનેશ્વરપ્રભુની નિત્ય પૂજા કરવી જોઈએ. આથી તે સમયમાં જિનેશ્વરપૂજનનું વિશેષ મહત્ત્વ સિદ્ધ થાય છે. માણિક્યસુંદરસૂરિએ આ ગ્રન્થમાં વિશેષરૂપથી ભક્તિરસનો પ્રયોગ કર્યો છે તેમજ માધુર્ય અને પ્રસાદનો પણ પ્રયોગ કર્યો છે. દૈનિક જીવનનાં ઉદાહરણો સાથે કથાનું રસપૂર્વક વર્ણન સુંદર રીતે કરવામાં આવ્યું છે. જેથી સામાન્ય માણસને પણ તે સમજવામાં સરળતા રહે તેવી ભાષા શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે.

કથામાં પોતાના વિચારોને સુંદર રીતે પ્રસ્તુત કરી શકાય તે માટે અનુષ્ટુભ્ છંદનો વ્યાપક ઉપયોગ કરેલ છે અને તેમણે વસંતતિલકા, દોધક, માલિની અને ઉપજાતિ છંદનો ઉપયોગ પણ કરેલ છે. આથી એમ સિદ્ધ થાય છે કે માણિક્યસુંદરસૂરિ છંદશાસ્ત્રના વિદ્વાન્ છે એમાં શંકા નથી. માણિક્યસુંદરસૂરિએ પોતાના ગ્રન્થમાં ઉપમા, વિનોક્તિ, સહોક્તિ, એકાવલી વગેરે અલંકારોનો પણ પ્રયોગ કર્યો છે. તેમણે સુભાષિતનો પણ તેમની રચનામાં પ્રયોગ કર્યો છે, તે આ મુજબ છે -

**पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।**
**मूढैः पाषाणखण्डेषु रत्नसंज्ञाऽभिधीयते ।।१/४१।।**

**बालसखित्वमकारणहास्यं स्त्रीषु विवादमसज्जनसेवा ।**
**गर्दभयानमसंस्कृतवाक्यं षट्सु नरा लघुतामुपयान्ति ।।६/३६।।**

**विद्यया बहुरूपिण्या रूपाणि च सहस्रशः ।**
**जायन्ते कौतुकं नात्र विद्याभिः किं न साध्यते ।।९/९०।।**

**विद्याद्वयेन सिद्धेन यत्र तत्र स्थितो रिपुः ।**
**हेलया हन्यते मित्र साधने युक्तिरुच्यते ।।९/९१।।**

**यत्र सिंहो वसत्यद्रौ साध्यते तत्र सा निशि ।**
**विद्यां साधयतः पुंसो हरिः शान्तोऽवतिष्ठते ।।९/९२।।**

**कोकिलानां स्वरो रूपं नारीरूपं पतिव्रता ।**
**विद्यारूपं कुरूपाणां क्षमारूपं तपस्विनाम् ।।१६/२८।।**

માણિક્યસુંદરસૂરિ મ. સા. શ્રેષ્ઠ વિદ્વાન્ અને જિનેશ્વરપ્રભુના પરમઉપાસક જણાય છે. કારણ કે તેઓ આ ૧૭ પૂજાકથા દ્વારા આપણને જિનેશ્વરપ્રભુનું પૂજન અને ૧૭ પ્રકારની પૂજા તરફ પ્રેરણા પ્રદાન કરે છે.

૧. ગુજરાતી વિશ્વકોશ, પ્રમુખ સંપાદક - ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૯, પૃ. ૫૬૭

૨. શ્રી સ્નાત્રપૂજાકથા, સંકલનકર્તા પ.પૂ. મુનિરાજ સર્વોદયસાગરજી મ. સા. અને સંપાદક પ. પૂ. મુનિરાજ ઉદયરત્નસાગરજી મ. સા. પ્રકાશક - શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ, અમલનેર, પૃ. ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા - સંક્ષિપ્ત કાર્ય અહેવાલ નવેમ્બર-૧૨

જ્ઞાનમંદિરના વિવિધ વિભાગોના કાર્યોમાંથી નવેમ્બર માસમાં થયેલાં મુખ્ય-મુખ્ય કાર્યોની ઝલક નીચે પ્રમાણે છે -

૧. હસ્તપ્રત કેટલૉગ પ્રકાશન કાર્ય અંતર્ગત કુલ-૮૭૮ પ્રતો સાથે કુલ-૨૫૧૫ કૃતિલિંક થઈ અને આ માસાંત સુધીમાં કેટલૉગ નં. ૧૪ માટે કુલ ૬૪૦૦ લિંક પૂર્ણ કરવામાં આવી તથા કેટલૉગ નં. ૧૫ માટે કુલ ૧૬૩ લિંક કરવામાં આવી.

૨. હસ્તપ્રત વિભાગ હેઠળ ફોર્મ ભરવાં, કમ્પ્યૂટર ઉપર પ્રાથમિક માહિતીઓ ભરવી, ગ્રંથ ઉપર નામ-નંબર લખવા, રેપર તૈયાર કરવાં, તાડપત્રોની સફાઈ-પૉલિશ, ફ્યુમિગેશન તથા સ્કેનીંગ કાર્ય માટે હસ્તપ્રત ઈશ્યુ-રીસીવ પ્રક્રિયા આદિ રાબેતા મુજબ કાર્યો કરવામાં આવ્યાં.

૩. હસ્તપ્રત સ્કેનીંગ પ્રોજેક્ટ હેઠળ હસ્તપ્રતોના ૭૮૫૮૦ પાનાઓનું સ્કેનીંગ કરવામાં આવ્યું.

૪. વિશ્વ કલ્યાણ ગ્રંથ પુનઃ પ્રકાશન પ્રોજેક્ટ હેઠળ ૪૮૭ પાનાઓની ડબલ એન્ટ્રી કરવામાં આવી.

૫. લાયબ્રેરી વિભાગમાં જુદા જુદા ૧૬ દાતાઓ તરફથી ૫૫૨ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયાં.

૬. લાયબ્રેરી વિભાગમાં પ્રકાશન એન્ટ્રી અંતર્ગત કુલ ૨૬૬ પ્રકાશનો, ૫૫૨ પુસ્તકો તથા પ્રકાશનો સાથે ૩૪૫ કૃતિ લિંક કરવામાં આવી તેમજ ૯૪ પ્રકાશનોની સંપૂર્ણ માહિતી સુધારવામાં આવી.

૭. મેગેઝિન વિભાગમાં ૪૦૩ પેટાંકની સંપૂર્ણ માહિતીઓ ભરવામાં આવી તથા તેની સાથે યોગ્ય કૃતિ લિંક કરવામાં આવી.

૮. ૧૭ વાચકોને હસ્તપ્રત તથા પ્રકાશનોના ૪૮૨૨ પાનાની પ્રીન્ટ કૉપીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. આ સિવાય વાચકોને કુલ ૪૬૮ પુસ્તકો ઈશ્યુ થયાં તથા ૭૭૨ પુસ્તકો જમા લેવામાં આવ્યાં. વાચક સેવા અંતર્ગત નીચે પ્રમાણે માહિતીઓ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા વિદ્વાનોને આપવામાં આવી.

a. મુનિરાજશ્રી ભાવપ્રેમવિજયજી મ. સા. ને જિનશાસન પ્રકાશન ટ્રસ્ટ, મુંબઈની અંદાજીત ૩૦૦ પુસ્તકો ચેક કરી જરૂરી માહિતી તૈયાર કરી ઇમેલ કરાવ્યો.

b. શ્રી અશોક ઉપાધ્યાય, વડોદરાને વિશ્વકર્મા લિખિત પ્રકાશિત પુસ્તકોની સૂચિ તૈયાર કરી મોકલાવી.

c. ડૉ. ભાનુબેન સત્રા, મુંબઈને હસ્તપ્રત તથા પ્રકાશનમાંથી વિવિધ માહિતીઓ તૈયાર કરી આપી.

d. ડૉ. ઉત્તમસિંગને ભંડારમાં ઉપલબ્ધ મહાકવિ કાલિદાસના પ્રકાશિત તથા અપ્રકાશિત ગ્રંથોની માહિતી ઉજ્જૈન સેમિનાર માટે આપી.

૯. સમ્રાટ સંગ્રહાલયની ૧૩૭૨ યાત્રાળુઓએ મુલાકાત લીધી.

૧૦. શહેર શાખા ગ્રંથાલય (સીટી સેન્ટર લાઈબ્રેરી)માં સાધુ-સાધ્વી ભગવંતો તથા વિદ્વાનો, જિજ્ઞાસુઓને પુસ્તકોની આપ-લેનું કામ થાય છે તથા તેમને જરૂરી માહિતીઓ પણ પૂરી પાડવામાં આવે છે.

૧૧. દિવાળી નિમિત્તે ચોપડા પૂજનનું આયોજન તથા જ્ઞાનપંચમી નિમિત્તે શ્રુતપ્રદર્શનિનું આયોજન કરવામાં આવ્યું.

૧૨. જ્ઞાનમંદિરની મુલાકાતે આવેલ સાધુ-સાધ્વીજી ભગવંતો, વિદ્વાનો, સ્કૉલરો દ્વારા આપેલા અભિપ્રાયોમાંથી એક વિશિષ્ઠ અભિપ્રાય નીચે પ્રમાણે છે -

'प. पू. आचार्य श्री पद्मसागरसूरिजी म. सा. की प्रेरणा से स्थापित महावीर जैन आराधना केन्द्र, कोबाजी तीर्थ आकर अपने आप को धन्य समझ रहा हूँ । म. सा. के पुण्य प्रताप से इतनी व्यवस्थित लाईब्रेरी, म्यूझियम तथा पांडुलिपियों की सुरक्षा तथा जन जन तक उसे पहुँचाने की भावना स्तुति योग्य है । म. सा. अजयसागरजी की प्रेरणा से आधुनिक तकनीकों के इस्तमाल से लाईब्रेरी सोफ्टवेर, प्रूफ रीडींग सोफ्टवेर अद्भुत है । मैंने युरोप सहित कई देशों की लाईब्रेरी देखी हैं परन्तु यहाँ आने पर पूर्णता का अनुभव कर रहा हूँ । यह केन्द्र जैन धर्म का संदर्भ पुस्तकालय के रूप में संपूर्ण विश्व में अपनी यशःपताका लहराए।'

**डॉ. संजीव सराफ**
**डे. लाईब्रेरीयन,**
**बनारस हिन्दु युनिवर्सिटी, वाराणसी**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથ પરિચય (આનંદઘનની આત્માનુભૂતિ)

હિરેન દોશી

## પરિશીલનકાર :- આચાર્ય વિજય શ્રીકલ્યાણબોધિ સૂરિ

## (પ્રકાશકઃ- જિનશાસન આરાધના ટ્રસ્ટ, પ્રકાશન વર્ષ વિ. સં. ૨૦૬૭)

આનંદઘનજીના પદો એ મંત્ર છે, પરમેશ્વરના સ્વરૂપને પામવાનો.

પરમમાં પોતાની ચેતનાને ઓગાળીને પ્રીતમને પામવાનો ધાતુવાદ છે, આનંદઘનજીના પદો.

નવલકથા અને કવિતામાં સહેલાઈથી મળી જતાં પ્રિયતમની અહિં વાત નથી, અહિં તો સાદિ અનંતના ભાંગે પ્રેમ કરીને અમરતાની અમીરાઇ પ્રાપ્ત કરવાની વાત છે. ભૂરા આકાશને અડતા ડુંગરાની કોઈ નિર્જન પગદંડીએ પ્રીતમને શોધતા આનંદઘનજીની અનુભૂતિઓ આ પદોમાં સોંસરવી ઉતરી છે. આનંદઘનજીએ મેળવેલી આત્માનુભૂતિના ખજાનાનો નક્શો છે, એમના પદો.

આ એ પદો છે - જેણે આપણી સામે અધ્યાત્મના સૌભાગ્યનો નવો અધ્યાય ખુલ્લો મૂક્યો છે.

આ એ કીર્તના છે - જેણે પથ્થર જેવા હૃદયને પણ માખણ અને મખમલ જેવું કોમળ બનાવ્યું છે.

આ એ શબ્દો છે - જેણે પરમપદની પ્રાપ્તિમાં અવરોધક કર્મોની દિવાલને તોડી નાંખવા હથોડા જેવું કામ કર્યું છે.

આનંદઘનજી મહારાજના હૈયામાં પ્રભુ પ્રત્યેના પ્રેમનું પ્રચંડ પૂર પ્રગટે છે. અને આ પદોની રચના થઈ જાય છે. પ્રભુના પ્રેમથી પલળેલાં શબ્દો આપણને પ્રભુની પ્રાપ્તિ સહજમાં કરાવે છે. અનુભૂતિઘન આનંદઘન મહારાજ જનરંજનની દુનિયા અને લોકરંજનના ગણિતોથી પર બની નિર્જન વગડામાં નિરંજનનાથના અમાપ ઐશ્વર્ય અને અખૂટ સૌંદર્યમાં પોતાની ચેતનાને ઓગાળી શક્યા હતાં, એટલે જ એમના પદો અને એમનું ગાન આટલા વર્ષે ય ચેતનવંતુ રહ્યું છે. એમના શબ્દો કોઈ શબ્દવર્ગણાના પુદ્‌ગલ માત્ર નથી. એ શબ્દોમાં ચૈત્યન્યના તેજ પૂરાયા છે. એમના પ્રાણોમાં ચાલતો પ્રીતમનો ધ્વનિ એ શબ્દના બીબાંમાં રેડાયો છે. કાગળના કે કવિતાના શબ્દો નથી. પણ કાળજાની કોતરમાંથી ધાર થઈને રેલાયેલા આ શબ્દો અદ્‌ભૂત છે જ.

આવા વિશિષ્ટ કોટિના આધ્યાત્મિક મહાપુરુષના પ્રાણવંત શબ્દો આપણને સહુને સદ્‌ભાગ્યે મળ્યા છે.

આચાર્ય શ્રી કલ્યાણબોધિ સૂરિજીએ આજની ભાષામાં આનંદઘનજીને અવતરીને લોકો સુધી પહોંચાડી અઘરા આનંદઘનજીને સરળ કરવાનું પુણ્ય કાર્ય કર્યું છે. પ્રસ્તુત સ્વાધ્યાયમાં આચાર્ય મહારાજ આપણી આંગળી પકડીને આનંદઘનજીની અનુભૂતિના દર્શન કરાવતા હોય એવો રોમાંચ અનુભવવા મળે છે. વર્ષો સુધી આનંદઘનજીના પદો ઉપર આવું શબ્દ સરળ અને શીરાની જેમ ઉતરી જાય એવું પરિશીલન પ્રાપ્ત ન હતું. પરિશીલનકારની અનુપ્રેક્ષા ઉત્કૃષ્ટ છે. એમની આનંદઘન પ્રત્યેની પ્રીતીની ઘનતાએ આવું સુંદર અને ગુણ-સભર પ્રકાશન આપ્યું.

આપણને ઉઠવાનો અનુભવ છે. જાગવાનો નહીં, અહીં આનંદઘનજી મહારાજની વગડામાંથીત્રાડ ગૂંજે છે. **ક્યાં સોવે ઉઠ જાગ બાઉ રે...**, આનંદઘનજી મહારાજના પદો આજે પણ એલાર્મની જેમ આપણને જગાડી અને ઝંઝોળી રહ્યાં છે. આનંદઘનજી એકવીસમી સદીના માનવને આજે પણ અધ્યાત્મ તરફ વાળી રહ્યા છે. પરિશીલનની શરૂઆત સરળ ઉદાહરણથી કરે છે. હળવી શરૂઆત વાચકને અનાયાસે પકડી રાખે છે. વાંચનારના હૈયામાં વાત ઉતરી જાય છે, સમજાઈ જાય છે, કે વાસ્તવિકતા અને વિચાર વચ્ચેનું અંતર કેટલું છે. આ વિવેચનાનું બળ આનંદઘનજી પ્રત્યેની સ્નેહાળ લાગણી છે. તો જ્યાં પણ આનંદઘન નામના સૂર્યનું અજવાળું નથી પહોંચ્યું, ત્યાં આનંદઘનનો અજવાસ પાથરવો છે. એવો વિશ્વાસ આ વિવેચનાના પ્રાણ છે. એવું અનુભવાયા વગર ના રહે. ગાઢ મૂઢતા અને પ્રબળ અજ્ઞાનમાં રહેલા આત્મપ્રદેશોના અંધારઘેર્યા નિર્જન અને અવાવર પ્રદેશમાં, આ વિવેચના ચૈતન્યનું અજવાળું પાથરે છે.

અંધારે અજવાળા કરે એવી, મને અને મનને ગમી ગયેલી કેટલીક પંક્તિઓ આ રહી.

- ❖ આત્માની વિસ્મૃતિ જેવી બીજી કોઈ મૂર્ખતા નથી.
- ❖ ભગવદ્‌ભક્તિ એ જ ભવસાગરમાં ભાવ નૈયા છે, એ જ સંસારથી મુક્ત થવાનો ઉપાય છે.
- ❖ જે કાળમાં તારી જાગૃતિની શક્યતા છે, એ કાળ ઝડપથી વીતી રહ્યો છે. પ્રત્યેક ક્ષણે એ કાળની અંતિમ ક્ષણ તારી વધુ ને વધુ નિકટ આવી રહી છે.
- ❖ 'આ મારું પરમેનન્ટ એડ્રેસ' ... કાર્ડ આપીને આવા શબ્દો બોલતી વ્યક્તિ એટલો વિચાર કેમ નથી કરતી? કે જો હું પોતે ય 'ટેમ્પરરી' છું તો મારું એડ્રેસ પરમેનન્ટ શી રીતે હોઈ શકે?

આવી તો કેટલીય વિભાવનાઓ પદની સાથે સાથે વાંચવા મળે છે.

દરેક પદના વિવેચનમાં મહારાજજીએ ઉદાત્ત વૈરાગ્યના બળે વિકસિત થયેલા મૌલિક ચિંતનોને વાચા આપી છે. કેવું આપવું, અને કેવી રીતે ઉતારવું એની શૈલી મહારાજજી બહુ સારી રીતે જાણે છે. એ આ વિવેચના દ્વારા એમણે તાદૃશ્ય કર્યું. પ્રભુના બનાવીને પ્રભુની વાત કરનાર મહારાજજી આવા અમૂલ્ય અને આધ્યાત્મિક ફળદાયી-પરિશીલનો નિરંતર આપે એવી પરમ સમીપે પ્રાર્થના....

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## समाचार सार

### राष्ट्रसन्त आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा. करेंगे अनेक जिनालयों की प्रतिष्ठा

परम पूज्य राष्ट्रसन्त आचार्य श्री पद्मसागरसूरीश्वरजी महाराज साहब ने अपने शिष्य-प्रशिष्यों के साथ श्री महावीर जैन आराधना केन्द्र कोबा में वर्ष २०१२ का चातुर्मास दिनांक २७ नवम्बर, २०१२ को सुख शाता पूर्वक सम्पन्न किया। चातुर्मास की निर्विघ्न पूर्णता के पश्चात् पूज्यश्री ने दिनांक २८ नवम्बर, २०१२ को चातुर्मास परिवर्तन किया।

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा में चातुर्मास अवधि में श्रद्धालुओं एवं जिनभक्तों को परम कृपालु परमात्मा की कल्याणमयी वाणी से अवगत कराया और अब गाँव-गाँव, नगर-नगर में परमात्मा महावीर के कल्याणकारी सन्देशों को जन-जन तक पहुँचाने हेतु दिनांक १७ दिसम्बर, २०१२ को विहार कर रहे हैं। इस क्रम में सर्वप्रथम पूज्यश्री राजकोट की ओर विहार कर रहे हैं, जहाँ दिनांक २७ जनवरी, २०१३ को पूज्य राष्ट्रसन्त के करकमलों से नूतन भव्य जिनालय की मंगल प्रतिष्ठा होगी।

राजकोट से पूज्य आचार्य भगवन्त महुडीतीर्थ की ओर विहार करेंगे जहाँ दिनांक १३ फरवरी, २०१३ को नूतन पिरामीड जिनालय की अंजनशलाका एवं प्राण प्रतिष्ठा के कार्यक्रम को पूज्यश्री निश्रा प्रदान करेंगे। महुडीतीर्थ से तारंगातीर्थ की ओर विहार करेंगे जहाँ दिनांक २० फरवरी, २०१३ को श्री संभवनाथ जिनालय परिसर में शासनरक्षक श्री घंटाकर्ण महावीरदेव के नूतन मन्दिर की भव्य प्रतिष्ठा पूज्य राष्ट्रसन्त के करकमलों द्वारा सम्पन्न होगी।

तारंगातीर्थ से पूज्यश्री मुंबई की ओर विहार करेंगे जहाँ दिनांक २७ अप्रैल, २०१३ को लोढ़ाधाम में अतिभव्य सीमंधरस्वामी जिनालय की ऐतिहासिक प्रतिष्ठा महोत्सव को निश्रा प्रदान करेंगे। दिनांक १४ जून, २०१३ को नवसारी में ध्वजदंड कलश प्रतिष्ठा का कार्यक्रम पूज्यश्री की निश्रा में आयोजित है।

मुंबई में विभिन्न कार्यक्रमों को निश्रा प्रदान करते हुए एवं विहार मार्ग में परमात्मा महावीरस्वामी द्वारा निर्देशित कल्याणकारी मार्ग से लोगों को अवगत कराते हुए पूज्यश्री पुनः कोबा पधारेंगे।

---

### उपधान तप आराधना कार्यक्रम का बृहद् आयोजन

श्री पार्श्व सुशील धाम, नेरलूर, बेंगलोर में परम पूज्य राष्ट्रसन्त आचार्य श्री पद्मसागरसूरीश्वरजी महाराज साहब के पट्टधर परम पूज्य सूरीमंत्र आराधक आचार्य श्री वर्धमानसागरसूरीश्वरजी महाराज साहब एवं परम पूज्य प्रवचन प्रदीप पंन्यास प्रवर श्री अजयसागरजी महाराज साहब आदि ठाणा की निश्रा में दिनांक ७ दिसम्बर, २०१२ से २७ जनवरी, २०१३ तक उपधान तप आराधना का कार्यक्रम स्थानीय श्रीसंघ द्वारा आयोजित किया गया है। इस उपधान तप आराधना के आयोजन का लाभ बाली (राजस्थान) निवासी स्व. हंजाबाई पुखराजजी चौहान एवं धर्मनिष्ठ सुश्राविका वक्तावरीबाई देवराजजी चौहान परिवार को प्राप्त हुआ है।

नेरलूर श्रीसंघ इस अनुपम तपाराधना को सम्पन्न कराने हेतु सभी प्रकार की तैयारियों में लगा हुआ है।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના અધ્યક્ષ શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈને ૩૪માં વર્ષનું પંચાંગ વિમોચનની વિનંતિ કરતા આર્ય સંસ્કાર શાળાના શ્રી ઋષભ મોરખીયા (ડાબેથી પહેલા) અને કોબાતીર્થના ટ્રસ્ટીઓ શેઠશ્રી કીરીટભાઈ કોબાવાલા તેમજ શ્રીપાળભાઈ શાહ.





પ. પૂ. રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. ને શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈ પંચાંગનો ૩૪મો અંક અર્પણ કરતા કોબા તીર્થમાં દૃશ્યમાન થાય છે.



પંચાંગ વિમોચન પ્રસંગે આર્ય સંસ્કાર શાળાના બાળકોને રંગોળીનું શિક્ષણ આપતા શ્રી ઋષભ મોરખીયા તેમજ શ્રી પંકિલભાઈ શાહ.



શાસ્ત્રીય નૃત્ય કળા અભ્યાસ.



આધ્યાત્મિક શોર્ટહેન્ડ કળા અભ્યાસ.




પાલીતાણાં ખાતે રજવાડી તોપ દ્વારા પુષ્પવૃષ્ટિનો આનંદ લેતા બાળકો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યોતિર્વિદ્ આચાર્ય શ્રી અરુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.



પંચાંગ ગણિતજ્ઞ પંન્યાસ શ્રી અરવિંદસાગરજી મ. સા.

શ્રી સીમંધરસ્વામિ પ્રત્યક્ષ પંચાંગનું નામ, શ્રી સીમંધરસ્વામિ જૈન મહાતીર્થ, મહેસાણાની સ્મૃતિમાં રાખવામાં આવ્યું છે. ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.ના આશીર્વાદથી શ્રી સીમંધરસ્વામિ પ્રત્યક્ષ પંચાંગના પ્રથમ અંકનું વિમોચન આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં ઈ. સ. ૧૯૭૯માં નિપાણી – કર્ણાટકમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના હસ્તે સમ્પન્ન થયેલ હતું.

જ્યારે પ. પૂ. રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં ૩૪મા અંક (વિક્રમ સંવત્ ૨૦૬૯–૭૦)નું વિમોચન ઈ. સ. ૨૦૧૨માં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના જ હાલના પ્રમુખ શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈના હસ્તે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે સમ્પન્ન થયું હતું.

અખિલ ભારતીય શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘનું ૩૪ વર્ષથી સતત પ્રકાશિત થતું એક માત્ર આ પંચાંગ જૈનોના ચારેય ફિરકાઓને અત્યંત ઉપયોગી બન્યું છે.

નોંધ – પ. પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોને આ પંચાંગ ભેટ સ્વરૂપે આપવામાં આવે છે.

સંપર્ક સૂત્ર : શ્રી અરુણોદય ફાઉન્ડેશન મો. ૯૯૨૫૪૯૫૪૭૪ Email : morakhiya.rushabh@gmail.com

To,

BOOK-POST / PRINTED MATTER

अंक प्रकाशन सौजन्य :

श्री अरुणोदय फाउन्डेशन

अहमदाबाद

For Private and Personal Use Only